Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



તીર્થાધિરાજનું એક દૃશ્ય.

પુસ્તક ૩૭ મું. સંવત ૧૯૯૬

અંક ૮ મો ફાગણ

પ્રકાશક :—

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧. ઊઘાડી આંખથી જોશે. (કવ્વાલી) ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) ૨૦૭
૨. આત્મ–દર્શન .... ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) ૨૦૮
૩. શ્રી શ્રુતજ્ઞાન ... ( પંન્યાસ શ્રી ધર્મવિજયજી ગણિ ) ૨૧૦
૪. સંસાર પરિભ્રમણનું મૂળ : પરિગ્રહ ... ... ... ... ... ... ૨૧૩
૫. સુબોધક સાહિત્ય ... ( રેવાશંકર વાલજી બધેકા ) ૨૧૪
૬. ગુણ પ્રતિ પ્રયાણ ... ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૨૧૫
૭. પૂજનીય માતાપિતા .... ... ... ... ... ... ૨૧૭
૮. વીરશાસનની વિશેષતા ( ઉધ્ધરિત "અનેકાંત" ) ૨૧૮
૯. સાચો ધર્મ ... ... ... ... ... ... ... ૨૨૧
૧૦. પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ? ( મુનિ શ્રી હંસસાગરજી મહારાજ ) ૨૨૨
૧૧. પરમાત્માનું અધિરાજ્ય ... ... .... ૨૨૫
૧૨. સ્વીકાર સમાલોચના... ... ... ... ૨૦૦
૧૩ વર્તમાન સમાચાર... ... ... ... ૨૩૨


---


## નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવ સ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર, તથા રત્નાકર પચ્ચીશી, અને એ યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આપેલ છે. ઊંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ, સુશોભિત બાઇન્ડીંગ અને શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને એ પૂજ્યપાદ ગુરુ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિ નિમિત્તે સાથે આપવામાં આવેલ છે. આટલો મોટો સ્તોત્રોનો સંગ્રહ, છતાં સર્વ કોઇ લાભ લઇ શકે જે માટે મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર રૂા. ૦—૪—૦ ચાર આના. પોસ્ટેજ રૂા. ૦—૧—૩ મળી મંગાવનારે રૂા. ૦—૫—૩ ની ટીકીટો એક બુક માટે મોકલવી.

લખો: -શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.


"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકનું વાર્ષિક લવાજમ. રૂા. ૧-૮-૦ પોસ્ટેજ ચાર આના અલગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૩૭ મું : આત્મ સં. ૪૪ : વીર સં. ૨૪૬૬ : ફાગણ :
અંક : ૮ મો : * * વિક્રમ સં. ૧૯૯૬ : માર્ચ :

## "ઊઘાડી આંખથી જોશો" ( કવ્વાલી )

લેખક આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી

કર્યું શું કામ એવું કે, ફુલાઓ છો તમે મનમાં ?
તમારી ભૂલના માટે, ઊઘાડી આંખથી જોશો. ૧

ન જાણ્યું જિંદગાનીનું, ખરું કર્તવ્ય કરવાનું;
તમારા શ્રેયના માટે, ઊઘાડી આંખથી જોશો. ૨

રડાવીને ગરીબોને, રિબાવીને અનાથોને;
ખુશી માનો તમે કેવી ? ઊઘાડી આંખથી જોશો. ૩

તમે આવ્યા અહિં કયાંથી ? અહિંથી કયાં જવાના છો ?
શું કરવાને અહિં આવ્યા ? ઊઘાડી આંખથી જોશો. ૪

જે લાવ્યા ના તમે સાથે, વધાર્યું કે ઘટાડયું છે ?
રહ્યું છે કેટલું પાસે ? ઊઘાડી આંખથી જોશો. ૫

તમારી તુચ્છ તૃષ્ણાઓ, કદીયે પૂરી નહિં થાશે;
મરણ આવી જશે પાસે, ઊઘાડી આંખથી જોશો. ૬

ઘણી લક્ષ્મી કરી ભેગી, પછાડી મૂકવા માટે;
તમે શું લઇ જશો સાથે ? ઊઘાડી આંખથી જોશો. ૭

અનાદિ કાળથી ભટકો, ચોરાશી લાખ યોનિમાં;
હજુયે કેમ રખડો છો ? ઊઘાડી આંખથી જોશો. ૮

ન માની પુન્ય-પાપોને, કરી કૃત્યો ઘણાં કૂડાં:
તમારી શું ગતિ થાશે ? ઊઘાડી આંખથી જોશો. ૯

હજારો દંભ સેવીને, ઠગો અણુજાણ જીવોને;
ઠગાશે શું પ્રભુ તેથી ? ઊઘાડી આંખથી જોશો. ૧૦

કરો છો ગર્વ શું કરવા ? મળ્યું છે પૂર્ણ શું તમને ?
બધી વાતે અધૂરા છો, ઊઘાડી આંખથી જોશો. ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આત્મ-દર્શન. ( હરિગીત )

સિધ્ધાંત જેના સર્વદા વિજ્ઞાનના ગુણથી ભર્યા
દેવેન્દ્ર ભજતા ભાવથી જેને ભજે ભક્તો રૂડાં
જે આપ્તમુખ તેજસ્વી ને વીતરાગ મૂર્ત્તિ વિશ્વમાં
એ દિવ્ય તીર્થંકરતણા ચરણે નમું અતિ હર્ષમાં. ૧

આત્મા અનાદિ કાળથી પરિભ્રમણ આ જગમાં કરે
પર્યાય રૂપ અનિત્ય તે ને દ્રવ્ય રૂપથી નિત્ય છે
ના પુરુષ, સ્ત્રી, નપુંસકે સઘળું દીસે અજ્ઞાનથી
કરી દૂર સઘળાં કર્મ પામે સ્થાન સિધ્ધિ જ્ઞાનથી. ૨

આત્મા ગણું મુજ એક શાશ્વત સુખદુઃખો સમજે બધા
જ્ઞાન દર્શન યુક્ત જે છે બાહ્ય સુખહીન તે સદા
કર્મે થતાં સંયોગ સહુ ચંચળ અને દુઃખદાયી છે
ત્યજ મોહ તું જીવ! સર્વ સમજી મોક્ષમાર્ગ સ્વીકારી લે. ૩

નિગોદમાં સાથે હતા હું તું ઉભય પરમાતમા
અવ્યક્ત સહતા યાતના સાથે જ સહુ પરિતાપમાં
પરિભ્રમણ કીધું વિશ્વમાં ચિરકાળ સહુ સાથે ભમી
વિકાસ કરી આત્માતણો તપી તપ બન્યો તું સંયમી. ૪

પ્રભુતા મળી પુરૂષાર્થથી હું પરિભ્રમણ કરતો રહ્યો
જન્મ-મરણોનાં દુઃખોમાં ચક્ર સમ ગતિને વર્યો
ભૂલ્યો સ્વરૂપ હું શુધ્ધ ને મિથ્યાત્વબળ વ્યાપી રહ્યું
કાર્યો કર્યાં અતિક્ષુદ્ર ને પછી દ્વાર પામ્યો નરકનું. ૫

પશુ પક્ષી ને તિર્યંચયોની પુષ્પ વૃક્ષ વિષે ભમ્યો
શત્રુરૂપે તવ કાર્યમાં કંટક બની પથમાં પડ્યો
રંક યોનીને નિહાળી રાજ્યદંડ કરે ગ્રહ્યો
મિથ્યાત્વયોગે ધર્મહીણુ પશુતા વિષે રાચી રહ્યો. ૬

પણ પુણ્યબળ થતાં પ્રબળ દર્શન થયા પછી આપના
સમ્યગુ હૃદય-દૃષ્ટિ બની ઊર સંશયો સહુ દૂર થતાં
તુજ રમ્ય મૂર્ત્તિને નિહાળી હર્ષનાં ઝરણાં સ્ફુર્યાં
હું તું જ અને તું મુજ હવે એ પ્રેમ ગીતો ઊર ઠર્યાં ૭

પછી પુણ્યબળના ઉદયથી અતિ શુધ્ધતા હૃદયે વસી
તારા સ્વરૂપની ઝંખનાથી પાપ-મતિ મારી ખસી
આજે કરી દર્શન ખરે નયનો સફલતા પામતાં
બસ એક ચાહું પૂર્ણતા વંદું પ્રેમથી શિર નામતાં. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકાંતમાં રોદન કર્યું દિનરાત તુજને શોધવા
વનમાં ભમ્યો અતિમૂઢ પેરે કર્મ સઘળાં છેદવા
ધારી પ્રપંચો અંતરે વળી છેતર્યા અતિશે તને
આજે ટળી ભ્રમણા બધી ને પ્રાપ્ત કીધો પ્રેમને. ૯

સ્વપ્ન જાગ્રત ને સુષુપ્તિ સર્વમાં દર્શન થતું
આનંદની લહેરો ઊઠે વપુ બાહ્ય ભ્રમણુ ભૂલતું
ક્ષણ ક્ષણ ગણું સુખરૂપ સૌ સદ્‌ભાગ્યના સાફલ્યથી
જે વાંચ્છના દર્શનતણી ફળી પુણ્યના પ્રાબલ્યથી. ૧૦

પરિચિત હતો તેવા સમે કર્ત્તવ્યને વિસરી ગયો
પરિચિતપણું વિસરી જતાં શિર દુઃખનો ડુંગર તૂટ્યો
એવી સ્થિતિમાં પુણ્યબળથી શ્રેષ્ઠતાને હું વર્યો
તુજ દર્શના પરિબળથકી મતિ શુધ્ધ કરીને હું તર્યો. ૧૧

ને આ સ્થિતિમાં અન્ય વાંચ્છા આ હૃદયમાં છે બીજી
ઊગાર તુજ શરણે હવે હું દોષ મુજ સઘળા તજી
તુજ સ્વરૂપમાં એક થાવા લાખ યત્નો આદરું
પરમેષ્ઠિ સહુમાં શ્રેષ્ઠ તું શિર સદા ચરણે ધરું. ૧૨

જન્મ મૃત્યુ અનંત કરીને સર્વને જોયા હવે
વિશ્વાસ તેથી તુજ વિષે સાચો બન્યો છે આ ભવે
દર્શન કરું તુજ સર્વમાં પશુ પક્ષી પલ્લવ પુષ્પમાં
તારા વિનાની બાહ્ય વસ્તુ ના ગણું મુજ પ્રેમમાં. ૧૩

ધ્યાવતા અંતર તજી ભવિ પામતા તુજ રૂપને
પરમાત્મ-પદકેરી દશા પછી પામવી સહેજે બને
પામે હથોડા દેહને અગ્નિ વિષે બળતું રહે
એ હેમ સમ અતિ શુદ્ધ થતાં દિવ્ય દર્શન ઊર વહે. ૧૪

અન્યના વચનો સુણી ત્હારા વિષે મમતા વધે
તોયે કદી ત્હારા વિના નવ અન્ય આકર્ષી શકે
તુજ જ્ઞાન છે સાગર સમું નવ પાર પામી કો શકે
સમદર્શી વચનો અન્યના તુજ જ્ઞાનસાગર-બિન્દુ છે. ૧૫

જે દૃષ્ટિએ જગ સુખ ગણે તે સુખ કદી સાચું નથી
લ્હેરો મળે જે સહજ સુખની દર્શને તે દઢ બની
તન્મય બનું સ્મરણે પળે પળ "**બુદ્ધિસાગર**" ચિંતને
**અજિત** પદ અભિલાષી મુનિ **હેમેન્દ્ર** રટતો અંતરે. ૧૬

સંગ્રાહકઃ-**મુનિરાજ લક્ષ્મીસાગરજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શ્રુતજ્ઞાન

લેખક—શાસનપ્રભાવક શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી પ્રશિષ્ય
પં. શ્રી ધર્મવિજયજી ગણિ

[ ગતાંક પૃષ્ઠ ૧૯૪ થી શરૂ ]

## [ અવાન્તર સમ્યગ્દર્શન સ્વરૂપ ]

આ પ્રમાણે સિધ્ધાન્તકારના મતે સર્વથી પ્રથમ ક્ષયોપશમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની યોગ્યતા હોવાનું જણાવવામાં આવ્યું. સિધ્ધાન્તકાર અને કર્મગ્રન્થકાર એ બન્નેમાં આ એક જ વસ્તુ માટે વિસંવાદ નથી પરંતુ બીજી પણ કેટલીક એવી બાબતો છે કે જેમાં બન્નેનાં મન્તવ્યો ભિન્નભિન્ન હોય છે. જેમકે કર્મગ્રન્થકારના મત પ્રમાણે અનાદિ મિથ્યાદૃષ્ટિ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા બાદ વિશુદ્ધિ અનુસારે ક્ષયોપશમમાં, મિશ્રમાં અથવા તો મિથ્યાત્વમાં જઇ શકે છે જ્યારે સિદ્ધાન્તકારના મત પ્રમાણે અનાદિ મિથ્યાદૃષ્ટિ સર્વથી પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ પામે તો ઉપશમનો કાળ પૂર્ણ થયા બાદ અવશ્ય મિથ્યાત્વે જ જાય, પરંતુ ક્ષયોપશમ અથવા મિશ્રમાં ન જઇ શકે. જે માટે કહ્યું છે કે-

**आलंबणमलहंती, जह सट्ठाणं न मुंचए इलिया ।
एवं अकयतिपुंजी मिच्छं चिय उवसमी एइ ॥**
[कल्पभाष्य]

### સમ્યક્ત્વની સાથે દેશવિરતિ, સર્વ-વિરતિની પ્રાપ્તિ

અનાદિ મિથ્યાદૃષ્ટિ આત્મા જે અવસરે સમ્યગ્દર્શન ગુણને પ્રાપ્ત કરે છે તે અવસરે વધારે વિશુધ્ધ પરિણામવાળો કોઇક આત્મા સમ્યક્ત્વથી આગળની કોટિનો દેશવિરતિ તેમજ સર્વવિરતિ ગુણને પણ પ્રાપ્ત કરે છે, જે માટે કહ્યું છે કે-" **उवसमसम्मद्दिट्ठी अंतरकरणे ठिओ कोइ देसविरइंपि लहेइ, कोइ पमत्तापमत्त-भावंपि ॥** " ભાવાર્થ સ્પષ્ટ છે.

આ ચાલુ પ્રસ્તાવમાં એ પણ ખાસ ધ્યાન રાખવા જેવી બીના છે કે જેમ પહેલી વાર સમ્યક્ત્વને પામતી વખતે ત્રણ કરણોને કરવાનું કહ્યું તેમ દેશવિરતિ ગુણને અથવા સર્વવિરતિ ગુણને પામતી વખતે તે ત્રણે કરણો કરવામાં આવતા નથી, પરંતુ પ્રથમના બે કરણો કરવામાં આવે છે, કારણ કે અપૂર્વકરણના પહેલા સમયમાં જ તે બેમાંનાં એકનો લાભ થતો હોવાથી અનિવૃત્તિકરણ કરવાનીજરૂર રહેતી નથી, દેશવિરતિને અથવા સર્વવિરતિને પામેલો જીવ અન્તર્મુહૂર્ત્ત સુધી તો વધતા પરિણામવાળો હોય છે, તેમજ જે જીવ ઉપયોગની શૂન્યતામાં વિરતિપણાનો ત્યાગ કરે તે જીવ કરણોની ક્રિયા કર્યા વિના જ પુનઃ વિરતિગુણને પ્રાપ્ત કરે છે અને જે જીવ ઉપયોગ અવસ્થામાં વિરતિનો ત્યાગ કરે છે, યાવત્ સમ્યક્ત્વ વમીને મિથ્યાત્વે જાય છે તે આત્મા શીઘ્રમાં શીઘ્ર અન્તર્મુહૂર્ત્ત જેટલો વખત વીત્યાબાદ અને વધુમાં વધુ અપાર્ધ પુદ્ગલપરાવર્ત્ત જેટલા કાળે પહેલાં કહેવામાં આવેલા ત્રણે કરણો કરીને જ પુનઃ વિરતિગુણને પ્રાપ્ત કરી શકે છે.

### સમ્યક્ત્વના પ્રકારો

જુદી જુદી દૃષ્ટિએ સમ્યક્ત્વના અનેક પ્રકારો શાસ્ત્રોમાં જણાવ્યા છે. અહિં તે સર્વનું નિરૂપણ ન કરતાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, વેદક અને સાસ્વાદન એ પાંચ ભેદોનું જ સંક્ષેપમાં સ્વરૂપ કહેવાનું સમુચિત ધાર્યું છે.

**ઔપશમિક સમ્યક્ત્વ**—ઔપશમિકાદિ સમ્યક્ત્વના ભેદોનું સ્વરૂપ જાણવા પહેલાં એકંદર સમ્યક્ત્વનું વ્યાપક સ્વરૂપ શું છે? તે ખાસ ધ્યાનમાં લેવું જોઇએ. ' **जं जिणेहिं पन्नत्तं तमेव निस्संकं सच्चं ।** " રાગદ્વેષાદિ દુર્ધર શત્રુઓનો પરાભવ કરી ઐકાન્તિક આત્યન્તિક અવિચલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાશ્વત સુખને પ્રાપ્ત કરનારા અનન્ત જ્ઞાની શ્રી જિનેશ્વર મહારાજાઓએ કેવલજ્ઞાનના બલવડે જે ભાવોને યથાર્થ જોયા છે, જાણ્યા છે અને જે પ્રમાણે નિરૂપણ કર્યું છે તે યથાર્થ છે, સત્ય છે અને નિઃશંક છે' એવા પ્રકારનું આત્માને જે શ્રધ્ધાન થવું તેનું જ નામ સમ્યક્ત્વ છે. શ્રધ્ધા, સમ્યક્ત્વ, વિશ્વાસ એ બધા ય શબ્દ લગભગ એકાર્થક છે. ભલે છદ્મસ્થ આત્માઓ કેવલજ્ઞાનના અભાવે સર્વ પદાર્થોને ન જાણી શકે, કોઇક અતીન્દ્રિય પરમાણુ વિગેરે દ્રવ્યોમાં બુદ્ધિનો પ્રવેશ થવો પણ મુશ્કેલ લાગે, અરૂપી ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની વાત યુક્તિગમ્ય ન ભાસે તો પણ વીતરાગ સર્વજ્ઞ ભગવંતોના કથનમાં અવિતથપણું હોય જ નહિં, તેઓનું કથન યથાર્થ જ હોય છે એવા પ્રકારનો જે દઢ વિશ્વાસ તેનું નામ સમ્યગ્દર્શન છે. તીર્થંકરમહારાજાઓ જ્યારથી માતાની કુક્ષિમાં આવે છે ત્યારથી મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ વિશિષ્ટ જ્ઞાનથી યુક્ત હોય છે, સર્વ આરંભ-પરિગ્રહનો ત્યાગ કરવાપૂર્વક જ્યારે ચારિત્ર અંગીકાર કરે છે ત્યારે મનઃપર્યવજ્ઞાન તેઓને ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે સાતિશય જ્ઞાની હોવા છતાં લોકાલોકપ્રકાશક કેવલજ્ઞાનની જ્યાં સુધી પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ધર્મદેશનાનો એક અક્ષર જેટલો પણ તેઓ ઉચ્ચાર કરતા નથી, કારણ કે ભલે ચાર જ્ઞાન પ્રાપ્ત થયા હોય છતાં કેવલજ્ઞાનના જ્ઞેયની અપેક્ષાએ અનન્તમા ભાગ જેટલા જ્ઞેય પદાર્થો પણ હજુ સંપૂર્ણપણે તેઓશ્રીએ જાણ્યા નથી, મતિ-શ્રુતાદિ ચારે ય જ્ઞાનો ભલે પોતપોતાની હદમાં ઉત્કૃષ્ટભાવે વર્તતા હોય, યાવત્ શ્રુતકેવલી, પરમાવધિ અને વિપુલમતિની હદે પહોંચાયું હોય તો પણ તે જ્ઞાનોદ્વારા જે જાણ્યું છે તેના કરતા નહિં જાણેલું અનન્તગુણ હજુ બાકી છે. લોકાલોકવર્તી સર્વ દ્રવ્યો અને પ્રત્યેક દ્રવ્યના અનંત અનંત પર્યાયો કેવલજ્ઞાનદ્વારા જ્યારે દેખે ત્યારે જ તીર્થંકર મહારાજાઓ સમવસરણમાં બિરાજમાન થવાપૂર્વક બાર પર્ષદા મધ્યે યોજનગામિની વાણીવડે ધર્મદેશના આપે છે અને તેથી જ જ્ઞાની મહર્ષિઓએ તીર્થંકર ભગવંતને સ્વાધીન ધર્મદેશનાવાળા કહ્યા છે. આ પ્રમાણે કેવલજ્ઞાનના બલવડે સર્વ ભાવોને જાણ્યા-જોયા બાદ જ જેઓને ધર્મદેશના આપવાની હોય તેવા અનન્ત જ્ઞાનીઓનાં વચનમાં પૂર્વાપરવિરોધ યા વિસંવાદ અથવા મિથ્યાભાષીપણું હોય જ કયાંથી ? એટલા માટે જ કહ્યું છે કે-

**वीतरागा हि सर्वज्ञा मिथ्या न ब्रुवते क्वचित् ।**
**यस्मात् तस्माद्वचस्तेषां तथ्यं भूतार्थदर्शनम् ॥१॥**

ભાવાથ સ્પષ્ટ જ છે.

તાત્પર્ય એ થયું કે આપણી બુધ્ધિ પરિમિત હોવાથી કોઇ તેવા સૂક્ષ્મ પદાર્થોમાં ધ્યાન ન પહોંચતું હોય તેવા પ્રસંગોમાં વર્તમાનમાં ગણાતા ગીતાર્થ જ્ઞાની ગુરુમહારાજાઓ પાસે જઇ તે દુરવબોધ પદાર્થોને સમજવાને માટે પ્રયત્ન કરવો જોઇએ, એ પ્રયત્ન કરવા છતાં પણ વસ્તુસ્થિતિ ધ્યાનમાં ન ઉતરે તેવા પ્રસંગોમાં 'પરમાત્માઓએ જે કહ્યું છે તે જ સાચું છે' એ આપ્તવાકયનું અવલંબન લઇ શ્રધ્ધા રાખવી જોઇએ અને એવી શ્રધ્ધા હોય તેનું નામ જ **સમ્યગ્દર્શન** છે.

જ્ઞાની મહર્ષિઓનું એવું કથન છે નહિં અને હોય પણ નહિં કે-તમો કોઇ પણ વિષયમાં શંકા ન કરો, કારણ કે જ્યાં સુધી આત્મા છદ્મસ્થ છે ત્યાં સુધી શંકાઓ તો થવાની જ, પરંતુ તે શંકા થવાના પ્રસંગોમાં શંકાના સમાધાન મેળવવા માટે પ્રયત્ન કરવો જોઇએ. પ્રયત્ન કરવા છતાં પણ સમાધાન ન થાય ત્યાં જ પૂર્વોક્ત **जं जिणेहिं** ઇત્યાદિ વાકયનું અવલંબન લેવાનું કહ્યું છે. શમ સંવેગાદિ સમ્યગ્દર્શનના પાંચે લક્ષણોમાં આ કારણથી જ આસ્તિકય નામના અંતિમ લક્ષણને અતિ મહત્ત્વનું સ્થાન આપ્યું છે. જમાલિ જેવા ચારિત્રવંતને એ લક્ષણનો અર્થાત્ આસ્તિકયનો અભાવ થવાની સાથે જ નિહ્નવની કોટિમાં ગણાવાનો પ્રસંગ આવ્યો છે, માટે 'પરમાત્માઓએ પ્રરૂપેલા તત્ત્વો ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યથાર્થ રુચિ રાખવી ' તેનું નામ સમ્યગ્દર્શન છે. ભગવાન્ ઉમાસ્વાતિ વાચકવર્ય પણ સમ્યગ્-દર્શનનું સ્વરૂપ જણાવતાં તે જ વસ્તુ પ્રતિપાદન કરે છે કે–' **तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्** '

## ઔપ૦ આત્મિક સમ્યક્ત્વ.

જ્યાં સુધી મિથ્યાત્વના પુદ્ગલો વિપાકોદયમાં વર્ત્તતા હોય ત્યાં સુધી જિનપ્રણીત તત્ત્વ ઉપર આત્માને રુચિ થઇ શકતી નથી, ક્ષાયિક, ક્ષાયોપશમિક કિંવા ઔપશમિક એ ત્રણે ય પ્રકારના સમ્યક્ત્વમાં મિથ્યાત્વ પુદ્ગલોનો વિપાકોદય નથી, કોઇમાં સર્વથા ક્ષય છે, કોઇમાં તે મિથ્યાત્વ પુદ્ગલો દબાયેલા પડ્યા છે તો કોઇમાં ઉદયદ્વારા ક્ષય ચાલુ છતાં ( પ્રદેશોદય હોવાથી ) પોતાના અનુભવ દેખાડતા નથી. આપણે અહિં જે ઔપશમિક સમ્યક્ત્વ નામનો પ્રથમ ભેદ વિચારવો છે તેમાં મિથ્યાત્વના પુદ્ગલોનો ઉપશમ થયેલો છે, અર્થાત્ એક પાણીથી ભરેલા કાચના પ્યાલામાં ધૂળ તો છે, પરંતુ તે ધૂળ તળીએ બેઠેલી છે અને ઉપરના ભાગમાં નિર્મળ પાણી રહેલું છે જે સાચવીને પીવાય તો તૃષાને શાંત કરી શકવા માટે સમર્થ છે, જ્યાં સુધી એ ગ્લાસમાં કાંકરી નહિં પડે અથવા બીજું કોઇ નિમિત્ત નહિં મળે ત્યાં સુધી પાણી નિર્મળ દેખાશે અને જે અવસરે તેમાં કોઇ કાંકરી નાખશે અથવા ગ્લાસને હલાવશે તે વખતે તળીએ દબાઇને બેઠેલી રજ ઉપર આવતાં નિર્મળ દેખાતું પાણી પણ પુનઃ ડોળું થવાનો પ્રસંગ આવશે. એ જ પ્રમાણે ઔપશમિક સમ્યક્ત્વ અવસ્થામાં મિથ્યાત્વાદિ કર્મ–રજ તળીએ દબાઇને બેઠેલ છે તેથી ઉપશમનો અન્તર્મુહૂર્ત્ત જેટલો જે કાળ છે તે કાળમાં આત્માને જિનપ્રણીત તત્ત્વો ઉપર રુચિ થવારૂપ નિર્મળતામાં ખામી નહિં જ દેખાય, પરંતુ જે અવસરે અનન્તાનુબંધીનો ઉદય થશે એટલે પૂર્વોક્ત નિર્મળતા મિથ્યાત્વ પુદ્ગલોના ઉદયદ્વારા પરિણામે મલિનતામાં ફેરવાઇ જશે. તાત્પર્ય એ છે કે મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય અને અનન્તાનુબંધી ક્રોધ–માન–માયા તથા લોભ એ સાત કર્મપ્રકૃતિ કે જેને દર્શનસપ્તક કહેવામાં આવે છે તે સાતમાંથી એકનો પણ ઉદય ઉપશમ સમ્યક્ત્વમાં હોતો નથી, અને તેથી જ ઔપશમિક સમ્યગ્દર્શનને ભગવાન ઉમાસ્વાતિ મહારાજે શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં અપૌદ્ગલિક–આત્મિક સમ્યક્ત્વ કહ્યું છે.

**પ્રશ્ન**—મિથ્યાત્વના પુદ્ગલોનો ઉદય ઉપશમ સમ્યક્ત્વકાળમાં ન હોય તે વાત વાસ્તવિક છે, કારણ કે તે પુદ્ગલોનો ઉદય જિનપ્રણીત તત્ત્વોની રુચિમાં બાધક છે એમ કહેવાયું છે, પરંતુ મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય અને અનન્તાનુબંધી ચતુષ્કનો ઉદય પણ ન હોવો જોઇએ એમ જે જણાવાય છે તેનો શો હેતુ છે ?

**સમાધાન**–ત્રિપુંજકરણની વ્યાખ્યાના પ્રસંગે પ્રથમ કહેવાયું છે કે–મિથ્યાત્વના પુદ્ગલો મિથ્યારસથી ભરેલા હોઈ અશુધ્ધ છે, મિશ્ર મોહના પુદ્ગલો અર્ધ શુધ્ધ છે અને સમ્યક્ત્વમોહના પુદ્ગલો શુદ્ધ છે હવે મિથ્યાત્વના પુદ્ગલોનો ઉદય ન હોય પરંતુ મિશ્ર અથવા સમ્યક્ત્વમોહના પુદ્ગલોનો ઉદય ઉપશમાવસ્થામાં પણ તમારા કથન મુજબ માનવામાં આવે તો 'ઉપશમ' અવસ્થા જ રહી શકે નહિં, મિશ્રમોહનો જો ઉદય હોય તો મિશ્રમોહમાં જ્ઞાની ભગવંતોએ જણાવેલા સર્વઘાતિ રસસ્પર્ધકોના ઉદયના પ્રભાવથી જિનપ્રણીત તત્ત્વો ઉપર તે આત્માને રુચિ જ થતી નથી અને તત્ત્વરુચિનો અભાવ હોય ત્યાં સમ્યક્ત્વ તો મનાય જ કેમ? સમ્યક્ત્વમોહના શુધ્ધ પુદ્ગલો ઉદયમાં વર્તતા હોય ત્યારે ઉપશમભાવ રહી શકતો નથી, કારણ કે એ શુદ્ધ પુદ્ગલોનો સ્વભાવ જ એવો છે કે–પોતે જો ઉદયમાં વર્તતા હોય તો મિથ્યાત્વ અને મિશ્રના પુદ્ગલોનો પણ પ્રદેશોદય (અન્યરૂપે ઉદય) ચાલતો જ હોય છે, ફક્ત તે બન્નેનો પ્રદેશોદય હોવાથી તેમાં રહેલા રસનો યથાર્થ અનુભવ થતો નથી, તો પણ ચાલુ ઉદયની અપેક્ષાએ તેનો ઉપશમ ગણાય જ નહિં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનન્તાનુબંધી ક્રોધાદિ સીધે સીધા ઉપશમના સમ્યક્ત્વના ઘાતક નથી, પણ મિથ્યાત્વ સાથે તે ચારે કષાયોને એવી ગાઢ મૈત્રી છે કે ચારમાંથી એકનો પણ ઉદય થાય એટલે* તૂર્ત જ મિથ્યાત્વનો ઉદય થયા સિવાય રહે નહિ. વ્યવહારમાં પણ આપણે અનુભવીએ છીએ કે એક મુખ્ય શત્રુને દબાવવા માટે તેના હંમેશના ગોઠીઆઓને પણ પ્રથમ દબાવવાની જરૂર જ રહે છે તે પ્રમાણે અહિં પણ અનન્તાનુબંધીનો ઉપશમ હોય તો જ મિથ્યાત્વનો ઉપશમ થઇ શકે છે, અનન્તાનુબંધી ક્રોધ વિગેરે જો ઉદયમાં આવ્યા તો પછી તેના મિત્ર મિથ્યાત્વને ઉદયમાં આવતા વિલંબ લાગતો નથી. અને એ કારણથી જ જ્ઞાની-મહર્ષિઓએ સંજ્વલન કષાયને જેમ યથાખ્યાત ચારિત્રના ઘાતક ગણ્યા છે, પ્રત્યાખ્યાનાવરણીય-કષાયને સર્વવિરતિના પ્રતિબંધક કહ્યા છે અને અપ્રત્યાખ્યાનાવરણીયને દેશવિરતિના બાધક જણાવ્યા છે તેજ પ્રમાણે અનન્તાનુબંધી કષાયોને સમ્યગ્દર્શનના બાધક તરીકે પ્રતિપાદન કર્યા છે.

* વધુમાં વધુ છ આવલિકા બાદ.

આ બધા ય મુદ્દાઓનો વિચાર કરતાં 'ઔપશમિક સમ્યક્ત્વમાં દર્શનસપ્તકનો પ્રદેશોદય તેમજ વિપાકોદય સર્વથા ન હોય અર્થાત્ એ સાતે પ્રકૃતિનો ઉપશમ જ હોય' એમ જે કથન કરવામાં આવ્યું છે તે બરાબર છે એમ સ્પષ્ટ સમજાશે.

**ઔપ૦ નો કાળ તથા ભવચક્રમાં કેટલી વખત પ્રાપ્ત થાય ?**

આ ઔપશમિક સમ્યક્ત્વનો કાળ વધુમાં વધુ અન્તર્મુહૂર્ત્ત જેટલો છે અને સમગ્ર ભવચક્ર ભમતાં ફક્ત પાંચ વખત જ આ સમ્યક્ત્વ આત્મા પ્રાપ્ત કરી શકે છે. એક વખત અનાદિ મિથ્યાદૃષ્ટિને પ્રાપ્ત થાય તે અને ચાર વખત ઉપશમ-શ્રેણિ પ્રસંગે પ્રાપ્ત થાય તે. ઉપશમ સમ્યક્ત્વનો કાળ પૂર્ણ થાય એટલે કર્મગ્રન્થકારના મતે વિશુદ્ધિ મુજબ ક્ષયોપશમ સમકિતમાં, મિશ્રમાં અથવા મિથ્યાત્વમાં જઇ શકે છે જ્યારે સિદ્ધાન્તકારના મતે ઉપશમમાંથી અવશ્ય મિથ્યાત્વે જ જાય છે. આ પ્રમાણે ઉપશમ સમકિતનું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું, હવે ક્ષયોપશમ સમ્યક્ત્વનું સ્વરૂપ વિચારીએ. ( ચાલુ )

## સંસાર પરિભ્રમણનું મૂળ : પરિગ્રહ

**સં**સારનું મૂળ સપાપ પ્રવૃત્તિઓ છે; અને તેમનું મૂળ પરિગ્રહ છે માટે મુમુક્ષુ ગૃહસ્થે પરિગ્રહને ઘટાડતા જવું.

પરિગ્રહને લીધે ન હોય તેવા રાગદ્વેષાદિ શત્રુઓ ઊભા થાય છે; તથા તેનાથી આંદોલિત થયેલા અંતઃકરણવાળા મુનિનું ચિત્ત પણ ચલિત થઇ જાય છે.

દુઃખના કારણરૂપ અસંતોષ, અવિશ્વાસ અને સપાપ પ્રવૃત્તિ-એ બધા આસક્તિનાં ફળ છે, એમ જાણી, પરિગ્રહનું નિયંત્રણ કરવું.

પરિગ્રહમાં અણુ જેટલો પણ કોઇ ગુણ નથી; પરંતુ દોષો તો પર્વત જેટલા છે.

પરિગ્રહ ઉપર મમતાને લીધે પ્રાણી ભવસાગરમાં અતિ ભાર લાદેલા વહાણની પેઠે ડૂબી જાય છે, માટે પરિગ્રહનો ત્યાગ કરવો.

—યોગશાસ્ત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सुबोधक-साहित्य

## मधुमक्षिका अन्योक्ति

એક મધમાખી દોરડા પર બેસીને પોતાના હાથ-પગો ઘસતી હતી તે જોઈ કોઇ શાણા માણસે કવિને પૂછ્યું કે-આ માખી શા કારણથી હાથ-પગો ઘસી રહી છે ? પ્રત્યુત્તરમાં કવિ કહે છે કે-ભાઇ ! એમાં સાંસારિક બોધનું ઉત્તમ રહસ્ય રહેલું છે. તેનું સ્પષ્ટીકરણ હું કહી બતાવું તે સાંભળ. આ મધમાખી સંપત્તિસંપન્ન ધનાઢયોને ઉદ્દેશી કહે છે કે:—ભો ! ગૃહસ્થો ! !

**देयं भो ह्यधने धनं सुकृतिभिर्नो संचितं सर्वदा,**
**श्रीकर्णस्य बलेश्च विक्रमपतेरद्यापि कीर्तिः स्थिता ।**
**अस्माकं मधु दानभोगरहितं नष्टं चिरात्संचितम्,**
**निर्वेदादिति पाणिपादयुगलं घर्षत्यहो मक्षिका॥१॥**

ભાવ સહિત શ્લોકાર્થ નીચે પ્રમાણે:—

હે શ્રીમંતો ! તમે સંગ્રહિત કરી રાખેલા દ્રવ્યમાંથી યોગ્ય પાત્ર ( નિરાશ્રિતો, ધનરહિતો, ગરિબો વગેરે )ને આપો, પોતાની સમૃદ્ધિનો પરમાર્થે ઉપયોગ કરવાથી જ રાજા કર્ણ, બલિ રાજા તેમજ નૃપ વિક્રમનાં નામો ઘણો કાળ વીત્યા છતાં **સત્કીર્તિરૂપે** અમર છે-પ્રાતઃસ્મરણીય છે.

માખી કહે છે કે-હું અમારી જ કથા કહું છું કે અમે આજ સુધીમાં ( વનેવન-ફૂલેફૂલ ) રઝળીરખડી ભૂખ-તરસ, ટાઢ-તાપ વેઠી આ મધપુડો મધથી ભરી દીધો હતો. અમે એ મધ ન ખાધું, ન ખરચ્યું, ન દાન કર્યું, કેવળ ભોગવટો કર્યા વિના આ અમારું એકઠું કરેલું મધ અમારા પાસેથી આ શિકારી બળાત્કારે લૂંટી ગયો. તેથી અમે પૂર્ણ ઊંડો પશ્ચાત્તાપ કરી દિલની દાઝેલીઓ હાથ-પગો ઘસીએ છીએ. કવિ દલપતરામે એ જ મતલબથી ગાયું છે કે :

**"માખીઓએ મધ કીધું, ન ખાધું ન દાન દીધું;**
**"લૂંટારાએ લૂંટી લીધું રે પામર પ્રાણી !"**

એક સંસારનો પાકો અનુભવી કહે છે કે:

**"ખા ગયા સો ખો ગયા, દે ગયા સો લે ગયા,**
**રખ ગયા સો જખ માર ગયા."**

વિવેકી વાંચનાર બન્ધુઓ ! આપાણું પણ પેલી હાથ ઘસતી માખીઓની પેઠે જીવનનુ પસ્તાવાભર્યું પરિણામ ન આવે માટે અગાઉથી જ ચેતજો ! આગ લાગ્યા પછી કૂવા ખોદવો વ્યર્થ છે. માનવજીવનની સાર્થકતા પરમાર્થ ( દાન-દયા વગેરે ) છે. દ્રવ્યની તો ત્રણ જ સ્થિતિ છે: કાં દાન કરો, કાં ઉપભોગ કરો, એ બેમાંથી કાંઇ નહીં થાય તો ત્રીજી ગતિ નાશ જ છે, માટે આ અન્યોક્તિમાંથી હંસવત્ સાર ગ્રહણ કરી લેવો

દોહરો

**પાપ કરંતાં વારીએ, ધર્મ કરંતા હા;**
**બે મારગ બતલાવીએ, પછી ગમે ત્યાં જા. ૧**

**મહત પુરુષ માખણ ગ્રહે, ગ્રહે છતહીણા છાશ;**
**નીચ બુદ્ધિ નરકે પડે, વડાને વૈકુંઠ વાસ. ૨**

રેવાશંકર વાલજી બધેકા
નીતિધર્મોપદેશક-**ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુણ પ્રતિ પ્રયાણ

લેખક—ચોકસી.

ગયા લેખમાં અંતર તોડવાની વાત કર્યા પછી, એ વિષયના અનુસંધાનમાં અહીં એક ડગલું આગળ ભરવાનું છે એટલે કે પ્રયાણની મંગળભેરી બજાવવાની છે. એ સારુ યોગીરાજ આનંદઘનજીએ સાતમા શ્રી સુપાર્શ્વજિનનો સધિયારો શોધ્યો છે. શરૂઆતની બે ગાથામાં એ પ્રભુના સ્વરૂપની ઝાંખી કરાવતાં કહે છે કે–સુપાર્શ્વજિન અવ્યાબાધ એવા મોક્ષસુખની પ્રાપ્તિના નિમિત્ત–કારણ સમા છે. રાગદ્વેષરૂપ મહાન્ શત્રુઓ સાથે સતત સમરાંગણમાં ઝુઝનાર આત્માને–અફાટ અરણ્યમાં મધ્યાહ્નકાળે મુસાફરી કરનારને એકાદ સ્વાદુ ને ઠંડા જળનું સરોવર નજરે પડે અને એનાથી જે શીતળતા જન્મે–તેના સરખી શાંતિ આપનાર અમૃતરસના સમુદ્ર સમાન છે. સાતનો અંક ધરાવતાં આ પ્રભુ ઇહલોક–પરલોક આદિ સાત ભયને કાયમને માટે દેશવટો દેવાવાળા છે. આવા આવા તો સંખ્યાબંધ ગુણો તેમનામાં છે, પણ એ સર્વની પ્રતીતિ ત્યારે જ થઇ શકે કે જિજ્ઞાસુ આત્મા સાવધાનીપૂર્વક યાને તદાકાર વૃત્તિએ બાહ્યભાવને સર્વથા ત્યજી દઇ કેવળ આંતરભાવથી એ જિનની સેવામાં લયલીન બને. તો પછી સહજ સવાલ ઊઠે છે કે ધરણીતળ પર વિવિધ સંપ્રદાયો પ્રવર્તે છે અને એ દરેકમાં સંખ્યાબંધ દેવી-દેવતાઓની પૂજા ચાલી રહી છે એનું શું ? એ બધા દેવો કરતાં આ દેવમાં એવી કઇ વિશિષ્ટતા સમાયેલી છે કે તમો કેવલ એમનું જ અવલંબન લેવાની સલાહ આપો છો ? વળી એ જાતની સલાહમાં સાંપ્રદાયિક દૃષ્ટિ યાને સ્વધર્મ પ્રતિ પક્ષપાતની ગંધ કેમ ન આવે ? શિવપુરીના પથિકને એ જાતની દૃષ્ટિ કેળવવી વાસ્તવિક પણ કેમ લેખાય ?

ઉક્ત સવાલના ઉત્તરરૂપે જાણે ન કહેતાં હોય તેમ સ્તવનની ત્રીજી ગાથાથી જગતમાં જુદા જુદા રૂપે જે દેવપૂજા પ્રવર્તી રહી છે એમાંનાં કેટલાક નામો લઇ, એ પાછળ આંતરિક દૃષ્ટિરૂપી સર્ચલાઇટ ફેંકે છે–એ દ્વારા દેખાડી આપે છે કે જો ભાવ બરાબર સમજાય તો નામ–રૂપો તો જુજવા છે.

(૧) શિવ એટલે કર્મોદ્વારા થયેલ ઉપદ્રવના નિવારક.

(૨) શંકર તો તે જ કહેવાય કે જેમની મારફતે કેવળ સુખની પ્રાપ્તિ થાય.

(૩) જગદીશ્વરનો અર્થ એ જ કરી શકાય કે જેમને ત્રણે જગતના જીવો પરમેશ્વર તરિકે સ્વીકારે.

(૪) ચિદાનંદનો શબ્દાર્થ ત્યારે જ સંભવી શકે જ્યાં સદા જ્ઞાનાનંદની મસ્તી હોય.

(૫) ભગવાન એટલે મહાવૈરાગ્યવંત અથવા તો ઐશ્વર્યવંત.

(૬) જિન કહેતાં રાગદ્વેષરૂપી મહાન વેરીઓને જીતનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૭) અરિહા યાને અરિહંત તે જ છે કે જેમની માત્ર માનવો કે રાજા–રજવાડા જ નહિં પણ ચોસઠ ઇંદ્રો પણ પૂજા કરે છે. અગર જેમણે કર્મરૂપ શત્રુઓનો કાયમને માટે નાશ કરેલો છે. જેમને એટલા સારુ નથી તો પુનઃ કર્મરૂપ કીચડમાં જન્મ ધારણ કરવાપણું અથવા તો નથી તો અવતાર ધરવાપણું. કહ્યું છે કે–

**दग्धे बीजे यथात्यंते प्रादुर्भवति नांकुरः।**
**कर्मबीजे तथा दग्धे न रोहति भवांकुरः ॥**

(૮) તીર્થંકર એટલે ગણધર પ્રમુખ સાધુ, સાધ્વી–શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘના સ્થાપન કરનાર.

ઉપર વર્ણવ્યા તે નામો વ્યુત્પત્તિથી શ્રી સુપાર્શ્વજિનમાં લાગુ પાડી શકાય તેમ છે. ટૂંકમાં એટલું જ કહેવું કાફી છે કે તેમનું સ્વરૂપ એવું છે કે જેની સરખામણીમાં ઉતરી શકે એવું અન્ય જ્યોતિસ્વરૂપ છે જ નહીં. આમાં સંકુચિતતા કે સાંપ્રદાયિકતા નથી; પણ ન્યાયપુરસ્સર ને યુક્તિપૂર્ણ કથન કરવાપણું છે. પરમાત્માને ઓળખવાના જે જે શબ્દો પ્રચલિત છે અગર તો જે જે સંબોધનદ્વારા ઈશ્વરને યાદ કરવામાં આવે છે એ સર્વનો સમાવેશ શ્રી સુપાર્શ્વજિનમાં કરી શકાય છે.

અલખ–એટલે બહિરાત્માથી જાણી શકાય નહીં તેવા.

નિરંજન–કહેતાં કર્મરૂપ લેપ રહિત.

વછલૂ–એટલે સર્વ પ્રાણીના હિતને કરનાર

વીસરામ–કહેતાં ત્રસસ્થાવરરૂપ જીવ સમુદાયને ભવાટવીમાં ભમતાં થકાં લાગેલ કર્મજનિત પ્રચંડ તાપમાં વિશ્રામસ્થાન સમા અથવા તો જન્મ, જરા ને મરણ કે આધિ, વ્યાધિ ને ઉપાધિરૂપ ત્રિપુટીથી દુઃખ પામેલા જીવોને વિસામા તુલ્ય છે, અર્થાત્ શાતાના ધામરૂપ છે.

અભયદાતા–યાને મરણરૂપ મહાપિશાચથી બચાવનાર છે, જન્મ–મરણના ફેરા ટાળનાર છે; તેથી જ નિર્ભયતાને દેનાર છે.

આતમરામ–કહેતાં જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ગુણત્રયીથી આત્મસ્વરૂપમાં યાને ચેતનની મૂળ દશામાં રમણ કરાવનાર છે.

વીતરાગ હોવાથી જેમનામાં મદ–રતિ–અરતિ–ભય–શોગ-નિદ્રા–તંદ્રાદિ દૂષણોનું નામ પણ સંભવતું નથી અર્થાત્ અઢાર દૂષણોથી જે સર્વથા મુક્ત છે. મન, વચન અને કાયાના, યોગોથી જેમને બંધાવાપણું નથી. પ્રભુ તો એનાથી અબાધિત છે.

આ વર્ણન–વિસ્તાર કરવાનું પ્રયોજન એટલું જ છે કે જે આત્માને અંતર કાપીને ચૌદ રાજલોકના પ્રાંત ભાગે પહોંચવું છે તે અન્ય જંજાળોમાં અટવાવાનું ત્યજી દઈ, અચળ શ્રદ્ધાથી અને અડગ વૃત્તિથી એકનું જ શરણ સ્વીકારે. અને એ પ્રભુએ ચીંધેલા માર્ગે પ્રયાણ ચાલુ રાખે, જુદા જુદા નામો કે એ પાછળ જોડાએલા ચમત્કારોમાં મન ન પરોવતાં આગળ કૂચ કર્યે જાય. એ આત્મા સમજી રાખે કે–જે કંઇ ગુણો–વિશિષ્ટતા કે ચમત્કાર છે તે સર્વ સુપાર્શ્વજિનમાં યાને અર્હન્તમાં સમાયેલાં છે. એ સારુ નિમ્ન ગાથા યાદ કરે.

**પરમપુરુષ પરમાત્મા, પરમેશ્વર પરધાન;**
**પરમ પદારથ પરમેષ્ઠી, પરમદેવ પરમાન્ન.**
**વિધિવિરંચિ વિશ્વંભર, ઋષીકેશ જગનાથ;**
**અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ.**

બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર કે શંકર–શંભુ યાને ભોળાનાથ અથવા તો પાપથી છોડાવનાર ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમધામરૂપ મુક્તિને આપનાર જે કોઇ છે તે આ જિન જ છે. જેને આવી પ્રતીતિ થઇ ચૂકી તેણે અર્ધો પંથ કાપી નાખ્યો એમ સમજી લેવું. રામ રહેમાનના વગોવણામાં કે શિવ-વિષ્ણુના મતભેદોમાં સાચું તત્ત્વ નથી સમાયું. બુદ્ધિરૂપી અનુભવને કામે લગાડી એ ભિન્ન ભિન્ન નામો પાછળ છુપાયેલ રહસ્ય જોવાનું છે. એ જો યથાર્થ રીતે નિહાળાય તો યોગીરાજ આનંદઘનજી ખાત્રીપૂર્વક વદે છે કે—

જે જાણે તેહને કરે,
આનંદઘન અવતાર.

ઉપરના કથન સાથે ઉક્ત યોગીરાજના નિમ્ન વચનો સરખાવો—

રામ કહો, રહેમાન કહો,
કોઉ કાન કહો, મહાદેવરી;
પારસનાથ, કહો કોઉ બ્રહ્મા,
સકલ બ્રહ્મ સ્વયમેવરી;
× × ×
ભાજન ભેદ કહાવત નાના,
એક મૃતિકા રૂપરી;
તૈસે ખંડ કલ્પનારોપિત,
આપ અખંડ સ્વરૂપરી.

એક પ્રસંગે કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રસૂરિ પણ એ જ ભાવને મળતું કથન કરે છે.

भवबीजांकुरजनना रागाद्या क्षयमुपगता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥

ખરેખર **गुणाः पूजास्थानम्** એ સૂત્ર ટંકશાળી છે.

## પૂજનીય માતાપિતા

The worship of parents, which is highly auspicious, is a preparation for the life of a mendicant. Parents whose debts are very difficult to repay, are the first objects of veneration for the righteous.

ચારિત્ર-વ્રતની સાધનાનું પહેલું મહામંગલ માતાપિતાની ઉપાસના છે. જેમનો પ્રત્યુપકાર બહુ દુષ્કર છે એવા પરોપકારી માતાપિતા ધર્માર્થી જનને અતિવ પૂજનીય હોય છે.

—મુનિશ્રી ન્યાયવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરશાસનની વિશેષતા

( ઉદ્ધરિત "અનેકાંત" )

**ભગવાન** મહાવીરનું પવિત્ર શાસન અન્ય સઘળા દર્શનોમાં મહદ્ વિશેષતા રાખે છે. મહાવીર પ્રભુએ પોતાની અખંડ એવં અનુપમ સાધનાદ્વારા કેવળજ્ઞાન મેળવીને વિશ્વની સામે જે નવીન આદર્શ રાખ્યો તેની ઉપયોગિતા વિશ્વશાંતિને માટે ત્રિકાલાબાધિત છે. તેમણે વિશ્વકલ્યાણને માટે જે માર્ગ નિર્ધારિત કર્યો તે એટલો નિર્ભાન્ત એવં અટલ સત્ય છે કે તેના વિના સંપૂર્ણ આત્મવિકાસ અસંભવ છે.

વીર પ્રભુએ તત્કાલીન પરિસ્થિતિનો જે નિર્ભિકતાથી સામનો કરી કાયાપલટ કરી દીધો તે તેના જીવનની અસાધારણ વિશેષતા છે. સર્વજનમાન્ય એવં સર્વત્ર પ્રચલિત ભ્રામક સિદ્ધાંતો એવં ક્રિયાકાંડોનો વિરોધ કરવો એ સાધારણ મનુષ્યનું કાર્ય નથી. તેને માટે અખૂટ સાહસ એવં આત્મબલની આવશ્યકતા છે. તે આત્મબલ પણ મહાકઠિન સાધનાદ્વારા જ પ્રાપ્ત થાય છે. ભગવાન મહાવીરનું સાધકજીવન* તેમનું વિશિષ્ટ પ્રતિક છે. જે પ્રકારે તેમનું જીવન એક વિશિષ્ટ સાધક જીવન હતું તે પ્રકારે શાસન પણ મહતી વિશેષતા રાખતું તે વિષય ઉપર આ લઘુ લેખમાં સંક્ષિપ્ત રૂપે વિચાર કરવામાં આવે છે.

વીરશાસનદ્વારા વિશ્વકલ્યાણને કેટલો ઘનિષ્ટ સંબંધ છે ? તત્કાલીન પરિસ્થિતિમાં આ શાસને શું કામ કરી દેખાડયું ? આ બધું ભલી ભાંતિ ત્યારે વિદિત થશે જ્યારે આપણે તે સમયના વાતાવરણથી સમ્યગ્ રીતે પરિચિત થઈએ. અતઃ સર્વ પ્રથમ તત્કાલીન પરિસ્થિતિનું કંઇ દિગ્દર્શન કરવું આવશ્યક છે.

પ્રાચીન જૈન એવં બૌદ્ધ ગ્રંથોના અનુશીલનથી જણાય છે કે તે સમયે ધર્મના એક માત્ર ઠેકેદાર બ્રાહ્મણ લોક હતા, ગુરુપદ પર તેઓ જ સર્વેસર્વા હતા. તેમની આજ્ઞા રાજાજ્ઞાથી પણ અધિક મૂલ્યવાન સમજવામાં આવતી હતી. રાજગુરુ પણ તેઓ જ હતા. અતઃ તેઓનો પ્રભાવ બહુ જ વ્યાપક હતો. સઘળા સામાજિક રીત–રિવાજો એવં ધાર્મિક ક્રિયાકાંડ તેઓના તત્ત્વાવધાનમાં થતા હતા અને તેથી તેઓનો જાતીય અહંકાર બહુ જ વધી ગયો હતો. તેઓ પોતાને સર્વથી ઉચ્ચ માનતા હતા. શુદ્રાદિ જાતિઓના ધાર્મિક એવં સામાજિક અધિકાર પાયઃ સઘળા છીનવી લેવામાં આવ્યા હતા, એટલું જ નહિ પણ તેમના પર મનમાન્યા અત્યાચાર પણ કરતા હતા. એવી જ દશા મૂંગા પ્રાણીઓની હતી. તેઓને યજ્ઞયાગાદિમાં એવા મારવામાં આવતા કે માનો તેઓમાં પ્રાણ જ નથી અને તેને મહાન ધર્મ સમજવામાં આવતો હતો. વેદવિહિત હિંસા હિંસા નહોતી માનવામાં આવતી.

સ્ત્રી જાતિના અધિકાર પણ છીનવી લેવામાં આવ્યા હતા. પુરુષ લોકો તેઓ પર જે મનમાન્યા અત્યાચાર કરતા હતા તે તેઓને સહન કરવા પડતા હતા. તેઓનું કંઇપણ સાંભળવામાં આવતું નહિ, ધાર્મિક કાર્યોમાં પણ તેઓનું ઉચિત સ્થાન ન હતું અર્થાત સ્ત્રીજાતિ બહુ જ પદદલિત હતી.

* તેમના સાધક જીવનનું સુંદર એવં મનનીય વર્ણન 'આચારાંગ' નામક પ્રથમ અંગસૂત્રમાં બહુ જ વિશ્વસનીય એવં વિશદરૂપે મળે છે. પાઠકોને સૂત્રના અંતિમ ભાગ વાંચવાનો વિશેષ અનુરોધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ તો થઇ ઉચ્ચનીચ જાતીયતાવાદની વાત. આ પ્રકારે વર્ણાશ્રમવાદ પણ પ્રધાન માનવામાં આવતો હતો. સાધનાનો માર્ગ વર્ણાશ્રમની અનુસાર હોવો આવશ્યક સમજવામાં આવતો હતો તે કારણે સાચી વૈરાગ્યવાન વ્યક્તિઓનો પણ તૃતીયાશ્રમની પૂર્વે સંન્યાસસંગ્રહ ઉચિત ન હતો એમ સમજવામાં આવતું.

એ પ્રકારે શુષ્ક ક્રિયાકાંડોનું તે સમયે બહુ જ પ્રાબલ્ય હતું. યજ્ઞયાગાદિ સ્વર્ગનું મુખ્ય સાધન માનવામાં આવતું હતું. બાહ્ય શુદ્ધિ તરફ અધિક ધ્યાન દેવામાં આવતું હતું, અંતર શુદ્ધિ તરફથી લોકોનું લક્ષ દિનોદિન ઘટતું જતું હતું. સ્થાન સ્થાન પર તાપસ લોકો તાપસિક બાહ્ય કષ્ટમય ક્રિયાકાંડ કર્યા કરતા હતા અને માણસોને તેના પર પૂરો વિશ્વાસ હતો.

વેદ ઇશ્વરકથિત શાસ્ત્ર છે. આ વિશ્વાસના કારણે વેદાજ્ઞા બધાથી પ્રધાન માનવામાં આવતી હતી. અન્ય મહર્ષિઓનો મત ગૌણ હતો અને વૈદિક ક્રિયાકાંડો પર લોકોને બહુ જ અધિક વિશ્વાસ હતો. શાસ્ત્ર સંસ્કૃત ભાષામાં હોવાથી સાધારણ જનતા તેનો વિશેષ લાભ લઇ શકતી ન હતી. વેદાદિ ભણવાને એક માત્ર બ્રાહ્મણ જ અધિકારી માનવામાં આવતો.

ઇશ્વર એક વિશિષ્ટ શક્તિ છે, સંસારના સઘળા કાર્ય તેના દ્વારા પરિચાલિત છે, સુખ-દુઃખ અને કર્મફલના દાતા ઇશ્વર જ છે, વિશ્વની રચના પણ ઇશ્વરે જ કરી છે ઇત્યાદિ વાતો વિશેષરૂપથી સર્વજનમાન્ય હતી. તે કારણે લોકો સ્વાવલંબી ન થયા પણ ઇશ્વરના ભરોંસે બેસી રહીને આત્મોન્નતિના સાચા માર્ગમાં પ્રયત્નશીલ ન બન્યા. મુક્તિ-લાભ ઇશ્વરની કૃપા પર જ નિર્ભર માનવામાં આવતો હતો. કલ્યાણ પથમાં વિશેષ મનોયોગ ન આપતાં લોકો ઇશ્વરની લાંબી લાંબી પ્રાર્થનાઓ કરવામાં જ નિમગ્ન હતા અને પ્રાય તેમાં જ પોતાના કર્તવ્યની ઇતિશ્રી સમજતા હતા.

આ વિકટ પરિસ્થિતિના કારણે લોકો બહુ જ અશાંતિભોગ કરી રહ્યા હતા. શુદ્રાદિ તો અત્યાચારોથી ત્રાસી ગયા હતા. તેઓનો આત્મા શાંતિપ્રાપ્તિને માટે વ્યાકુળ હતો. તેઓ શાંતિની શોધમાં આતુર હતા. ભગવાન મહાવીરે અશાંતિના કારણો પર બહુ મનન કરી શાંતિના વાસ્તવિક પથનું ગંભીર અનુશીલન કર્યું. તેમણે પૂર્વ પરિસ્થિતિનું કાયાપલટ કર્યા વિના શાંતિલાભને અસંભવ સમજી, પોતાના અનુભૂત સિદ્ધાંતોદ્વારા ક્રાંતિ મચાવી તેમણે જગતના વાતાવરણની પરવા કર્યા વગર સાહસ સાથે પોતાના સિદ્ધાંતોનો પ્રચાર કર્યો. તેમના દ્વારા વિશ્વને એક નવો પ્રકાશ મળ્યો. મહાવીર પ્રતિ જનતાનું આકર્ષણ ક્રમશ: વધતું ચાલ્યું. લાખો વ્યક્તિ વીરશાસનની પવિત્ર છત્ર-છાયામાં શાંતિ પ્રાપ્ત કરવા લાગ્યા.

વીરશાસનની સૌથી મોટી વિશેષતા 'વિશ્વપ્રેમ' છે. આ ભાવના-દ્વારા અહિંસાને ધર્મમાં પ્રધાન સ્થાન મળ્યું. સર્વ પ્રાણીઓના ધાર્મિક અધિકાર એક સમાન થયા. પાપીથી પાપી અને શુદ્ર એવં સ્ત્રીજાતિને મુક્તિના પણ અધિકારી ગણવામાં આવ્યા અને કહેવામાં આવ્યું કે મોક્ષનો દરવાજો સર્વને માટે ખુલ્લો છે. ધર્મ પવિત્ર વસ્તુ છે. તેનું જે પાલન કરશે તે જાતિ અથવા કર્મથી ચાહે ગમે તેટલો નીચો હોય તે અવશ્ય પવિત્ર બની જશે. સાથે જ જાતિવાદનું જોરથી ખંડન કરવામાં આવ્યું. ઉચ્ચ અને નીચનું સાચું રહસ્ય પ્રકટ કરવામાં આવ્યું અને ઉચ્ચતા નીચતાના સંબંધમાં જાતિના બદલે ગુણોને પ્રધાન સ્થાન આપવામાં આવ્યું. સાચો બ્રાહ્મણ કોણ છે? તેના પર વિશદ વ્યાખ્યા કરવામાં આવી જેની કંઇ રૂપરેખા જૈનોના 'ઉત્તરાધ્યયન' સૂત્ર એવં બૌદ્ધોના 'ધમ્મપદ'માં મળે છે. લોકોને આ સિદ્ધાંત બહુ જ સંગત અને સત્ય પ્રતીત થયો. એટલે લોકસમૂહ-ઝૂંડોના ઝુંડો મહાવીરના ઉપદેશને સાંભળવાને માટે ઉલટી પડયો. તેઓએ પોતાનો વાસ્તવિક વ્યક્તિત્વ-લાભ કર્યો. વીરશાસનના દિવ્ય આલોકથી ચિરકાલીન અજ્ઞાનમય ભ્રાંતિ-ધારણા વિલીન થઇ ગઇ. વિશ્વે એક નવી શિક્ષા પ્રાપ્ત કરી જેના શરણે હજારો શૂદ્રો એવં લાખો સ્ત્રીઓએ આત્મોદ્ધાર કર્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક સદાચારી શૂદ્ર નિર્ગુણ બ્રાહ્મણથી લાખગણો ઉચ્ચ છે. અર્થાત્ ઉચ્ચ નીચનું માપ જાતિથી ન થતાં ગુણ–સાપેક્ષ છે. કહ્યું પણ છે કે—

**गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं न च वयः।**

ધાર્મિક અધિકારોમાં જે પ્રકારે સર્વ પ્રાણી સમાન હકદાર છે તે પ્રકારે પ્રાણીમાત્ર સુખાકાંક્ષી છે. સર્વ જીવવાને ઇચ્છે છે. મરણથી સર્વને ભય એવં કષ્ટ છે, અતએવ પ્રાણી માત્ર પર દયા રાખવી એ વીરશાસનનો મુખ્ય સિદ્ધાંત છે. તેના દ્વારા યજ્ઞયાગાદિમાં અસંખ્ય મૂક પશુઓનો જે આગલા દિવસોમાં સંહાર થયા કરતો હતો તે સર્વથા બંધ થયો. લોકોએ આ સિદ્ધાંતની સચ્ચાઇનો અનુભવ કર્યો કે જે પ્રકારે આપણને કોઇ મારવાનું કહે છે તો આપણને તે કથન માત્રથી કષ્ટ થાય છે. તે જ પ્રકારે આપણે કોઇને સતાવીએ તો તેને અવશ્ય કષ્ટ થશે. એમ પરપીડનમાં કોઇ દિવસ ધર્મ જ નથી હોઇ શકતો. મૂક પશુ ભલે મુખથી પોતાનું દુઃખ વ્યક્ત ન કરી શકે પણ તેઓની ચેષ્ટાઓ દ્વારા એ જાણવામાં આવે છે કે મારવાથી તેઓને પણ આપણી જેમ કષ્ટ અવશ્ય થાય છે. આ નિર્મલ ઉપદેશનો જનસાધારણ પર બહુ જ ગૂઢ પ્રભાવ પડયો અને બ્રાહ્મણોએ લાખ વિરોધ કર્યા છતાં પણ યજ્ઞયાગાદિની હિંસા બંધ જ થઇ ગઇ. આ સિદ્ધાંતદ્વારા અનંત જીવોનું રક્ષણ થયું અને અસંખ્ય વ્યક્તિઓનો પાપથી બચાવ થયો.

અહિંસાની વ્યાખ્યા વીર શાસનમાં જે વિશદ રૂપે મળે છે તેવી કોઇ પણ દર્શનમાં ઉપલબ્ધ નથી, વિશ્વશાંતિને માટે તેની કેટલી આવશ્યક્તા છે તે ભગવાન મહાવીરે સારી રીતે સિદ્ધ કરી દેખાડયું. કઠોરથી કઠોર હૃદય પણ કોમલ થઈ ગયું અને વિશ્વપ્રેમની અખંડધારા ચારે તરફ પ્રવાહિત થઇ.

વીરશાસનમાં વર્ણાશ્રમવાદને અનુપયુક્ત ઘોષિત કરવામાં આવ્યો. મનુષ્યના જીવનનો કોઇ ભરોસો નહિ. હજારો પ્રાણી બાલ્યકાળ એવં યૌવનાવસ્થામાં મરણ પામે છે, અતઃ આશ્રમાનુસાર ધર્મપાલન ઉચિત ન કહી શકાય. સર્વ વ્યક્તિઓનો વિકાસ પણ એક સમાન નથી હોતો, કોઇ આત્માને પોતાના પૂર્વ સંસ્કારો એવં સાધના દ્વારા બાલ્યકાળમાં જ સહજ વૈરાગ્ય આવે છે. ધર્મ તરફ તેનું વિશેષ વલણ હોય છે ત્યારે કોઇ જીવને વૃદ્ધ થવા છતાં પણ વૈરાગ્ય નથી હોતો. આ પરિસ્થિતિમાં વૈરાગ્યવાન બાલકને ગૃહસ્થાશ્રમ પાળવાને માટે આગ્રહ કરવો અહિતકર છે અને વૈરાગ્યહીન વૃદ્ધનો સંન્યાસ ગ્રહણ પણ અસાર છે. અતઃ આશ્રમવ્યવસ્થાને બદલે ધર્મપાલન યોગ્યતા પર નિર્ભર કરવું જોઇએ. હા, યોગ્યતાની પરીક્ષામાં અસાવધાની કરવી ઉચિત નથી.

આ પ્રકારે ઇશ્વરવાદના બદલે વીરશાસનમાં કર્મવાદ પર જોર આપવામાં આવ્યું છે. જીવ સ્વયં કર્મનો કર્તા છે, અને વસ્તુસ્વભાવાનુસાર સ્વયં જ તેનું ફળ ભોગવે છે. ઇશ્વર શુધ્ધબુધ્ધ છે. તેને સાંસારિક ઝંઝાવાતોથી કશી મતલબ નથી. તે કોઇને તારવાને પણ સમર્થ નથી. જો લાંબી લાંબી પ્રાર્થનાથી જ મુક્તિ મળત તો સંસારમાં આજ અનંત જીવો ભાગ્યે જ મળત. જીવ પોતાના ભલા–બુરા કર્મ કરવામાં સ્વયં સ્વતંત્ર છે. પૌરુષ વિના મુક્તિલાભ સંભવે નહિ. અતઃ પ્રત્યેક પ્રાણીએ પોતાનું નિજસ્વરૂપ જાણીને પોતાના પગ પર ખડા રહેવાનો અર્થ સ્વાવલંબી બનીને આત્મોધ્ધાર કરવાનો સતત પ્રયત્ન કરવો જોઇએ. ઇશ્વર ન તો સૃષ્ટિનો રચયિતા છે અને ન કર્મફલ દાતા.

શુષ્ક ક્રિયાકાંડો અને બાહ્ય શુધ્ધિના સ્થાન પર વીરશાસનમાં અંતરશુધ્ધિ પર વિશેષ લક્ષ્ય દેવામાં આવ્યું છે. અંતરશુધ્ધિ સાધ્ય છે, બાહ્યશુધ્ધિ સાધન માત્ર; અતઃ સાધ્યની લક્ષ્ય–વિહીન ક્રિયા ફલવતી નથી થતી કેવલ જટા વધારવાથી, રાખ લગાવવાથી, નિત્ય સ્નાન કરવાથી અથવા પંચાગ્નિ તપ આદિથી સિધ્ધિ નથી મળી શકતી. અતઃ ક્રિયાની સાથે ભાવનું હોવું નિતાન્ત આવશ્યક છે.

વીર પ્રભુએ પોતાનો ઉપદેશ બધા સમજી શકે તેવી ભાષામાં દીધો, કારણ કે ધર્મ કેવળ પંડિતોની સંપત્તિ નથી, તેના પર પ્રાણિમાત્રનો સમાન અધિકાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પણ વીરશાસનની એક વિશેષતા છે. તેનું લક્ષ્ય એક માત્ર વિશ્વકલ્યાણનું હતું.

સૂત્રકૃતાંગ સૂત્રથી સ્પષ્ટ થાય છે કે ભગવાન મહાવીરના સમયમાં પણ વર્તમાન કાળની જેમ અનેક મતમતાંતર પ્રચલિત હતા. આ કારણે જનતા મોટા ભ્રમમાં પડી હતી કે કોનું કહેવું સત્ય અને માનવા યોગ્ય છે અને કોનું અસત્ય? મતપ્રવર્તકોમાં સર્વદા મતભેદ રહ્યા કરતા હતા. એક બીજાના પ્રતિદ્વંદી રહીને શાસ્ત્રાર્થ ચાલ્યા કરતો હતો. આપસમાં માત્સર્યથી પોતપોતાના સિધ્ધાંત પર પ્રાયઃ સર્વ અડગ રહ્યા હતા. સત્યની જિજ્ઞાસા મંદ પડી ગઇ હતી ત્યારે ભગવાન મહાવીરે તે સર્વનો સમન્વય કરી વાસ્તવિક સત્ય પ્રાપ્તિને માટે 'એકાંત'ને પોતાના શાસનમાં વિશિષ્ટ સ્થાન દીધું. જેની દ્વારા સર્વ મતોના વિચારકો સમભાવથી તોલી શકે, પચાવી શકે અને સત્યને પ્રાપ્ત કરી શકે. આ સિધ્ધાંત દ્વારા લોકોનું મોટું કલ્યાણ થયું. વિચાર ઉદાર એવં વિશાલ થયા. સત્યની જિજ્ઞાસા પુનઃ પ્રતિષ્ઠિત થઇ. સર્વ વિતંડાવાદ એવં કલહ ઉપશાંત થઇ ગયા અને આ પ્રકારે વીરશાસનનો સર્વત્ર જય-જયકાર થવા લાગ્યો.

## સાચો ધર્મ

"સર્વને આત્મવત્ જુઓ" આ સર્વોત્તમ ધર્મ છે. જે લોકો આ ધર્મને નથી સમજતા તેઓ જ એક ધર્મને મોટો અને બીજાને નાનો ગણે છે. સાચા ધર્મમાં ન તો મતમતાંતરનું ખંડન છે કે ન તો વાદવિવાદ છે. એમાં તો પોતાના અંતઃકરણની શુદ્ધિ જ મુખ્ય પદાર્થ છે. આ ધર્મ દરેક ધર્મશાસ્ત્રોના પ્રાચીન ગ્રંથોમાં છે એટલું જ નહિં પણ આધુનિક તત્ત્વજ્ઞાન અને શાસ્ત્રના ગ્રંથોમાં પણ મળી આવે છે. ઝાડના પાંદડામાં તે લખાયેલો છે, ઝરાઓ અને વહેળાઓ પણ સદૈવ તેનું ગાન કરે છે, પવન પણ સદા તેનો ગણગણાટ કરે છે અને તમારી નાડીઓ તથા જ્ઞાન-તંતુઓમાં પણ તે જ ઘૂઘવે છે. તમારા અંતઃકરણમાં અને વ્યવહાર સાથે પણ તેનો સંબંધ છે. તે ધર્મ એકાદ દેવળમાં કે મંદિરમાં જઇ ગોખી મારવાનો નથી. તે તો તમારે તમારા વ્યવહારમાં, ઘરમાં, જંગલમાં, ગામમાં, જમતાં, સૂતાં અને બેસતાં પાળવાનો છે.

—સ્વામી રામતીર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ?

[ એક ધર્માત્માની કરુણ આત્મકથા ]

લેખક : **મુનિશ્રી હંસસાગરજી મહારાજ**

( ગતાંક પૃષ્ઠ ૧૮૫ થી શરૂ )

## વિદ્યાની સર્વશ્રેષ્ઠતા

મારા આઠમા વર્ષને અન્તે માતાપિતાએ વિચાર્યું કે પુત્રને વિદ્યાભ્યાસ કરાવવો ઘટે છે, કારણ કે—

**रूपयौवनसंपन्ना विशालकुलसंभवाः ।**
**विद्याहीना न शोभन्ते निर्गंधा इव किंशुकाः ॥१६॥**

**અર્થ**:-વિશાળ કુળમાં ઉત્પન્ન થએલા તથા રૂપ અને યૌવનને પામ્યા હોવા છતાં ય પુત્રો જો વિદ્યાહીન હોય છે તો ખાખરાનાં સ્વરૂપવાન છતાં ય નિર્ગન્ધ પુષ્પોની માફક એ શોભતા નથી. વળી પણ કહ્યું છે કે-

**माता शत्रुः पिता वैरी येन बालो न पाठितः ।**
**न शोभते सभामध्ये हंसमध्ये बको यथा ॥१७॥**

**અર્થ**:—પોતાના પણ વ્હાલાં બાળને જે માતાપિતાઓ ભણાવતા નથી તે માતા શત્રુ અને પિતા વૈરી સમાન છે, કારણ કે અભણ એવો પોતાનો બાળક, હંસના સમૂહને વિષે બગલાની માફક સભામાં શોભતો નથી. તેમજ વિદ્યાથી જ બાળકો વિનયવાન, વિવેકવાન, ધનવાન અને ક્રમે ધર્મીષ્ઠ બનીને પરભવે પણ અપૂર્વ સુખસંપત્તિનો ભોક્તા બને છે. કહ્યું છે કે-

**विद्या ददाति विनयं विनयाद्याति पात्रताम् ।**
**पात्रत्वाद्धनमाप्नोति धनाद्धर्मं ततः सुखम् ॥१८॥**

**અર્થ**:-વિદ્યા વિનયને આપે છે, વિનયથી પાત્રતા આવે છે, પાત્રતાને યોગે ધનની પ્રાપ્તિ થાય છે, ધનથી સુખે ધર્મ થાય છે અને ધર્મથી જ ઉભય લોકમાં સુખની પ્રાપ્તિ થાય છે.

પોતાનાં પ્યારાં બાળકોનું સાચું હિત કરનારા તે જ માબાપો છે કે જેઓ તેમને સદ્‌વિદ્યાનો અમૂલ્ય વારસો આપે છે. સાચવનારની જોઇએ તેવી ખંત હોવા છતાં ય ધનનો વારસો તો કાયમ સ્થિર રહેવામાં વિકલ્પ રહેલો છે, એટલે કે સ્થિર રહે અથવા ન પણ રહે; કારણ કે ધન એ બહુ જણને આધીન વસ્તુ છે, અને એથી જ પંડિતજનો તો એને ધિક્કારે જ છે. કહ્યું છે કે-

**दायादाः स्पृहयन्ति तस्करगणा**
**मुष्णन्ति भूमिभुजो**
**गृह्णन्ति च्छलमाकलय्य हुत-**
**भुग्भस्मीकरोति क्षणात् ।**
**अम्भः प्लावयति क्षितौ विनिहितं**
**यक्षा हरन्ते हठात्,**
**दुर्वृत्तास्तनया नयन्ति निधनं**
**धिग्बह्वधीनं धनम् ॥ १९ ॥**

**અર્થ**-ધનના માલીકનો કયારે નાશ થાય અને અમને એનું ધન કયારે મળી જાય એમ ભાયાતો નિત્ય ઇચ્છયા કરે છે, ચોર લોકો ચોરી જાય છે, લાગ જોઇને રાજા લઈ લે છે, અગ્નિ એને બાળીને ક્ષણવારમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભસ્મીભૂત કરી નાખે છે, પાણી ઘસડી જાય છે, ભૂમિમાં દાટયું હોય ત્યાંથી યક્ષો હરી જાય છે, તેમજ દુરાચારી એવા પુત્રો બળાત્કારથી તેનો નાશ કરે છે–ઉડાવી નાખે છે. આવાં બહુ જણને આધીન ધનને ધિક્કાર છે.”

વિદ્યાધન એ એવો અખૂટ અને અપૂર્વ નિધાન છે કે એનો માલીક સદા ય જીવંત રહે એવું જ સહુ કોઈ ઈચ્છે છે, ભાયાતો ભાગ માગતા નથી, ચોરોથી લૂંટી શકાતું નથી, રાજાથી હરાતું નથી, અગ્નિથી બળતું નથી, પાણીથી તણાઈ જતું નથી, હૃદયરૂપ ભૂમિમાં અતિ ગુપ્તપણે સ્થાપ્યું હોય છતાં પણ યક્ષાદિથી હરી શકાતું નથી અને કોઈના પણ બળાત્કારથી નાશ પામતું નથી. આવાં સર્વોત્તમ ધનનો આદર કોણ ન કરે? વળી કહ્યું છે કે–

**विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्नगुप्तं धनं,**
**विद्या भोगकरी यशःसुखकरी विद्या गुरूणां गुरुः॥**
**विद्या बन्धुजनो विदेशगमने विद्या परं दैवतम्,**
**विद्या राजसु पूजिता न धनं विद्याविहीनः पशुः॥२०॥**

## ગંદા દેહને ધારણ કરનારા દેહીનું અધિક રૂપ તો વિદ્યા જ છે.

ચ્હાય તેવો કુળવાન, ધનવાન અને રૂપવાન માનવી હોય છતાં પણ તે અજ્ઞાન હોય તો વિદ્વદ્ચર્ચામાં એનું દેહસ્વરૂપ નિસ્તેજ બની જાય છે, હણાઈ જાય છે, એનું મુખ પણ એવું પડી જાય છે કે એને જોનારને એ કોઈ બીજો જ છે એવો ભાસ કરાવે છે. સભામાં અવાજ સરખો કરવા એનું હૃદય એને ના કહે છે, વિદ્વાન જનોને નિહાળીને એના હોશકોશ ઊડી જાય છે, ફીકો ફીકો પડી જાય છે–આ સ્થિતિમાં સભાજનો એની સામે પણ જોતાં નથી. જ્યારે કુલે ક્ષીણ, માથે રીણ અને રૂપે હીણ છતાં ય માનવી જો વિદ્યાનશીન હોય છે તો તે સભામાં સહુથી અધિક શોભે છે. ભાઈ શું વદે છે એ સાંભળવા ઇંતેજાર વર્ગ એને જ ધારી ધારીને જુવે છે, સહુને છોડીને એને જ સાંભળે છે, એનું પડયું વચન ઝીલે છે, પ્રમાણ કરે કરે છે અને એ રીતે વિદ્વદ્વર્ગનો પણ પ્રેમપાત્ર બની સર્વ સ્થળે આદર પામે છે. આનું કારણ? એ જ છે કે મનુષ્યમાત્રનું સાત્વિક અને તાત્વિક એવું અદ્ભુત વાસ્તવિક સ્વરૂપ વિદ્યા જ છે.

## વિદ્યા એ અતિવ ગુપ્તધન છે.

વહેવારુ ધન એ આજ છે અને કાલે ન પણ હોય, કારણ કે લક્ષ્મી એ ગણિકા જ હોવાથી તે કોઈપણ એક સ્વામીની ગૃહિણી થઈ નથી અને થવાની પણ નથી. આપણે પદ્મદ્રહમાં વસતી શ્રીદેવીને લક્ષ્મીદેવી માનીને તે લક્ષ્મીને મેળવવા માટે એની મૂર્તિની (છબીની) ધનતેરસ જેવા દિવસે પૂજા પણ કરવી શરૂ કરી દીધી છે, પણ એ ખ્યાલ જ રાખ્યો નથી કે કદાચ એને પૂજતાં એ ઘરમાં પણ આવી ભરાણી અને ઘડીભર પોતાની પણ થઇ તો પણ એ અપરિગ્રહિતા (વારાંગના, ગણિકા) જ હોવાથી પોતાને તજીને બીજો સ્વામી કરતાં વાર લગાડવાની નથી. શ્રી આવશ્યક સૂત્રના ચોથા અધ્યયનની ચૂર્ણિમાં પણ એ વિષે સાફ ફરમાવ્યું છે કે **तस्स अणालोइय पडिक्कंता चुल्लहिमवंते पउमद्दहे सिरि जाता देवगणिका** – અર્થ: તે લાગેલાં પાપસ્થાનકોનું આલોચનારૂપ પ્રતિક્રમણ કર્યા વિના જ કાળ કરીને શ્રી ચુલ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિમવંત પર્વતમાં રહેલા પદ્મદ્રહને વિષે તે શ્રી નામે (સાધ્વી) દેવગણિકા થઈ. વાટમાં ચોરાદિ જનો પણ એ ધનને લૂંટી જાય, અગ્નિ પણ બાળે, ભાયાતો ભાગ માગે, ભોંયમાં ભંડાર્યે છતે કોઇ કાઢી જાય, આપ્યું ખોટું પણ થાય, અરે એ ધન તો આવીને ગયા પછી પોતાના જે સ્વામીના હાટહવેલી, વાડીબંગલા, ગાડી-ઘોડા, ઇજ્જત-આબરૂ અને દેહની શોભાને તો બળત્કારે ઘસડીને લઇ જાય છે; પણ કથંચિત્ ખળજનો દ્વારા પ્રાણુ પણ હરે છે. જ્યારે વિદ્યાધન એ એવું અપૂર્વ, અખૂટ અને અતિગુપ્ત ધન છે કે તે તેને સંભાળવાથી કદીય ન ખસે એટલું જ નહિં પણ દિનપ્રતિ વૃદ્ધિ પામે છે. ચોર લૂંટી શકતા નથી, કોઇ ખોદીને કાઢી જાય તેમ નથી, આપ્યું ખોટું થાય તેમ નથી, ભાયાતોથી ભાગ મગાય તેમ નથી, વાપર્યું ઘટવાને બદલે વૃદ્ધિ પામે છે. પોતાના સ્વામિની તીવ્ર નીપુણતાને અંગે વિધવિધ કાર્ય-સિદ્ધિદ્વારા પ્રાપ્ત થએલ યશકીર્તિને ઉદયાચલ પર આરૂઢ થએલા દિનકરના પ્રતાપી કિરણોની માફક પળેપળે ચડતી કળા ધારણ કરાવીને ચોતરફ વિસ્તારે છે. આનું કારણ એ પણ છે કે વિદ્યા એ પરિગ્રહિતા સરસ્વતી દેવી હોઇ ધર્મ અને નીતિજ્ઞ એવા પોતાના અર્થી સ્વામીને કદીય નહીં જ તજવાની પ્રણાલિકાસ્વરૂપા છે. શાસ્ત્રમાં પણ ફરમાવ્યું છે કે–" **सरस्वती गातरतिनाम्नो व्यन्तरेन्द्रस्याग्रमहिषीति ज्ञायते** " સરસ્વતી દેવી ગીતરતિ નામના વ્યંતરેન્દ્રની અગ્રમહિષી જણાય છે. આથી જ જગતભરના વિદ્વાન જનો તો ગણિકાસ્વરૂપ લક્ષ્મી દેવીને તજીને સરસ્વતી દેવીને જ પૂજે છે. જો કે આથી લક્ષ્મી રીસાઇ જવાને લીધે વિદ્વાનો પ્રાયઃ લક્ષ્મીહીન રહે પણ છે, તો પણ વિદ્વાન જનોને એ અનિષ્ટાની પરવા જ નહીં હોવાથી તેમજ ઇષ્ટ એવી સરસ્વતી સંપ્રાપ્ત થએલ હોવાથી એ લક્ષ્મીવાન કરતાં તો સદા ય અને કઇગુણા પ્રસન્નચિત્ત હોય છે.

અપૂર્ણ

## આત્માને શી રીતે ઓળખાય ?

હું તો કદી આ લોકમાં કે સ્વર્ગમાં જીવને સુખ આપતો નથી; પોતાને પ્રિય કે અપ્રિય વિષયો પામીને આત્મા પોતે જ સુખ કે દુઃખભાવે પરિણમે છે.

ઇંદ્રિયોને આશ્રિત એવા પ્રિય વિષયો પામીને સ્વભાવથી જ સુખરૂપે પરિણામ પામતો આત્મા જ સુખરૂપ બને છે; દેહ સુખરૂપ નથી.

એ આત્માનું જ્ઞાન પ્રજ્ઞાવડે જ થઇ શકે છે. પ્રજ્ઞાવડે આત્માને અન્ય દ્રવ્યોમાંથી છૂટો પાડવો, એનો અર્થ જ તેને સારી રીતે જાણવો.

પ્રજ્ઞાવડે અનુભવવું જોઇએ કે, જે દ્રષ્ટા છે તે જ હું છું; બીજા બધા જે ભાવો છે તે મારાથી પર છે.

—શ્રીમાન્ કુંદકુંદાચાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમ્યગ્જ્ઞાનની કુંચી

# પરમાત્માનું અધિરાજ્ય

[ ગતાંક પૃષ્ઠ ૧૪૧ થી શરૂ ]

હવે આપણે નિમ્ન ત્રણ સૂત્રોનો કે કથનોનો વિચાર કરીએ.

(૧) સર્વ પ્રાણીઓનો વાસ ચેતન પ્રાણીઓના પરમાત્મામાં છે. અચેતનનો પરમાત્મા ન હોઇ શકે.

(૨) કેટલાક આત્માઓ શાશ્વત નિદ્રામાંથી જાગૃત થતા નથી.

(૩) પુનરુત્થાનને પાત્ર આત્માઓ જ મૃત્યુથી પર બને છે. આવા આત્માઓ પરમાત્માના પુત્રોરૂપ છે.

મૃત્યુ એટલે સર્વથા વિનાશ એવો અર્થ કોઇ રીતે સંભવતો જ નથી, એમ પહેલાં કથનનો વિચાર કરતાં સ્પષ્ટ જણાય છે. જે તે દ્રવ્યનું અસ્તિત્વ તેનાં સ્વરૂપથી જ કાયમ રહે છે. કોઇ દ્રવ્યનો કોઇ કાળે વિનાશ નથી થતો. આત્મા તેમ જ ભૌતિક પરમાણુઓ આ કારણે વિનાશ કે મૃત્યુથી પર છે એમ નિઃશંક કહી શકાય. નાશ તો શરીર આદિનો જ સંભવે છે. આથી શરીર આદિને ક્ષણભંગુર કહેવામાં આવે છે. મૃત્યુ પણ શરીરનું જ થાય છે. એક શરીરનું મૃત્યુ થતાં આત્મા બીજાં શરીરમાં પ્રવિષ્ટ થાય છે.

અચેતનનો પરમાત્મા ન હોય એ કથનનો અર્થ એ જ હોય કે, નાશવંત વસ્તુનો પરમાત્મા ન હોય. પરમાત્મપદ એ આત્માનું પરિપૂર્ણ સ્વરૂપ છે. પરમાત્મપદ (પરમાત્મા) અમર છે. પરમાત્મા ચેતનનો જ હોય; ક્ષણભંગુર અચેતન વસ્તુનો પરમાત્મા ન હોઇ શકે.

માનવ આત્માને અનુલક્ષીને મૃત્યુનાં સ્વરૂપનો વિચાર કરતાં, શરીરોનું જ મૃત્યુ થયા કરે છે, આત્મા તો અમર છે એવો દૃઢ પ્રત્યય થાય છે. આત્મા શરીર સાથે એકતાના ભ્રમમાં,'હું વૃદ્ધ થયો છું,''મારું મૃત્યુ આવ્યું' અને એવા એવા બીજા ઘણાયે વિચારો કર્યા કરે છે. વસ્તુતઃ આત્માને વૃદ્ધત્વ કે મૃત્યુ કશુંયે ન હોય. આત્માને બહુ તો શરીરનાં મૃત્યુ કે શરીરને વૃદ્ધાવસ્થાની પ્રાપ્તિનો ખ્યાલ આવવો જોઇએ. પણ આત્મા પ્રાયઃ શરીર ઉપરના અત્યંત મોહને કારણે, શરીરને જે કંઇ થાય તે જાણે કે પોતાને થતું હોય એમ માની લે છે. શરીરની ભાવિ આપત્તિઓ પણ આત્માની આપત્તિઓરૂપ માને છે. આવા આત્માને શરીરના મૃત્યુ આદિ સમયે અત્યંત દુઃખ થાય છે. શરીરરૂપી ઘર ઉપરનો મોહ તેનાથી છોડાતો જ નથી. જે મનુષ્ય આત્માનાં અમરત્વથી અજ્ઞાન હોય, જેને શરીર અને આત્મા એક રૂપ હોવાનો ભ્રમ હોય તે જ શરીરનાં મૃત્યુના વિચારથી ભડકી ઊઠે છે. શરીરનાં મૃત્યુમાં પોતાનાં સર્વસ્વનો વિનાશ તેને લાગે છે. શરીરનાં મૃત્યુના વિચારથી પોતાની અનાથ દશાનું તેને ભાન થાય છે. પોતે છેક નિરાશ બની જાય છે. મૃત્યુની કારમી વેદની તેનાથી સહન પણ નથી થતી. મૃત્યુસમયે તો તેનું દુઃખ વર્ણનાતીત થઈ પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીરમાં અત્યંત મમત્વ રાખનાર મનુષ્યને મૃત્યુ–પ્રસંગે અને મૃત્યુના વિચારોમાં આમ અસહ્ય દુઃખ થાય છે, છતાં એનો આત્મા મૃત્યુબાદ તુરત જ બીજું શરીર શોધી લે છે. આત્માને કર્મ અનુસાર બીજા શરીરની સત્વર પ્રાપ્તિ થાય છે. એ બીજા શરીરમાં પણ આત્માને પોતાની પરિસ્થિતિનું જ્ઞાન તેટલું ને તેટલું જ હોય છે. અખિલ વિશ્વમાં માત્ર એક જ એવી સ્થિતિ છે, જેમાં આત્મા ચેતન છતાં અચેતન જેવો હોય છે. આ સ્થિતિમાં આત્માને પરિસ્થિતિનું જ્ઞાન નથી હોતું. સૌથી નિકૃષ્ટ નર્કની નીચેના જીવોની આ દશા હોય છે. મૃત્યુ બાદ ઘણાખરા જીવો સ્વર્ગ કે નર્કમાં જાય છે.* કેટલાક મનુષ્યરૂપે પણ અવતરે છે.

સ્વર્ગ કે મૃત્યુની પ્રાપ્તિથી, આત્મા મૃત્યુ અને જન્મની ઉપાધિથી પર થતો નથી. જન્મ અને મૃત્યુની પરંપરા ચાલ્યા જ કરે છે. આત્માને નિર્વાણની પ્રાપ્તિ થાય ત્યાં સુધી, જન્મ અને મૃત્યુ થયા જ કરે છે. પુણ્યશાલી અને તપસ્વી જીવોને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. હિંસક અને દુરાચારી મનુષ્યોને નર્કમાં જવું પડે છે. સ્વર્ગમાં જનારા જીવો પ્રાયઃ નાસ્તિક ન હોય. તેઓ ઘણે ભાગે આસ્તિક જ હોય. આત્માનાં અવિનાશીત્વનાં જ્ઞાન વિના ભક્તિભાવ અશક્ય છે. આથી નાસ્તિકો માટે સ્વર્ગનાં દ્વાર ઘણુંખરૂં બંધ રહે છે. નાસ્તિકોને દુઃખમય સંસારથી પર નિર્વાણ–સ્થિતિ કદાપિ પ્રાપ્ત થતી નથી. સદાચારી, ભક્ત અને ધર્મી મનુષ્યોને જ સ્વર્ગની પ્રાપ્તિ થાય છે.

આત્માને આત્મા રૂપે જ માનવાથી, જીવનમાં અનેક આશ્ચર્યકારી પરિવર્ત્તનો થાય છે. શરીરના મૃત્યુ આદિથી આત્માને કશુંયે દુઃખ થતું નથી. આત્મા સ્વાભાવિક આત્મભાવમાં જ રમણ કરતો થાય છે. શરીર આદિનું મમત્વ રહેતું નથી. ભૌતિક વસ્તુઓનો મોહ કમી થયાથી આત્મા પ્રત્યે વિશુદ્ધ અને ઉજ્જવળ ભાવ પરિણમે છે. આત્માનો આ પ્રમાણે વિકાસ થતાં, તે શ્રદ્ધા, જ્ઞાન આદિથી પરિપૂર્ણ બને તો તેને નિર્વાણની પણ પ્રાપ્તિ થાય છે.

આત્માને આત્મારૂપે જ માનનારા જીવોને મૃત્યુ ભ્રમરૂપ લાગે છે. તેમનું સંસાર–પરિભ્રમણ ઓછું થાય છે. મૃત્યુનો ભય તેમને કશોયે રહેતો નથી.

ખરા આત્મજ્ઞાનીને તો આત્માને સંલગ્ન થતી અશુદ્ધિઓનો જ ડર રહે છે. કર્મરૂપી વિવિધ પ્રકારની અશુદ્ધિઓથી જન્મ, મૃત્યુ આદિની પરંપરા થાય છે એવાં દૃઢ મંતવ્યથી

---

* સ્વર્ગ અને નર્ક એ માયારૂપ હોવાની વેદાન્તની માન્યતા છે. સ્વર્ગ ( દેવલોક ) અને નર્ક અનુક્રમે મધ્ય લોકની ઉપર આવેલ છે એમ સામાન્ય રીતે મનાય છે.

જૈનોની માન્યતા અનુસાર ૧૨ સ્વર્ગનાં નામ છે.

જૈન ધર્મની માન્યતા અનુસાર નિમ્ન ૭ પ્રકારનાં નર્કો છે એમ માલૂમ પડે છે—

રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમપ્રભા અને મહાતમઃપ્રભા.

સિદ્ધ જીવો અર્થાત્ મુક્તિનું સ્થાન, સ્વર્ગલોક ઉપર, વિશ્વના છેક અગ્ર ભાગે ( ટોચ ઉપર ) આવેલ છે એમ જૈન શાસ્ત્રો જણાવે છે.

સ્વર્ગ અને નર્કનાં વર્ણનોમાં જૈનો અને હિન્દુઓનાં ધર્મશાસ્ત્રોમાં તફાવત જણાય છે. સ્વર્ગ અને નર્કનાં સ્વરૂપમાં બન્ને વચ્ચે કશો યે ભેદ જણાતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ અશુદ્ધિઓનું નિવારણ કરવા માટે આત્મજ્ઞાનીઓ સદૈવ ઉત્સુક રહે છે.

આત્માનો સંપૂર્ણ વિકાસ થતાં, સર્વ ભ્રમોનો અંત આવે છે. પુનર્જન્મનાં કારણરૂપ કર્મ–બળોનો વિનાશ થયાથી, આત્મા પુનર્જન્મની જંજીરોથી મુક્ત થાય છે. આત્મા નિદ્રારહિત શાશ્વત સુખ અને જીવનનો ભોક્તા બને *છે. જન્મ અને મૃત્યુના અનંત ફેરામાંથી આત્માની મુક્તિ થાય ×છે.

આત્માના ઉચ્ચ આદર્શની સિદ્ધિને પરિણામે, જે આત્માઓ પરમાત્મપદ પ્રાપ્ત કરે છે તેઓ સર્વ ઈશ્વરના પુત્રો છે. કર્મ–બંધનોના સંપૂર્ણ વિચ્છેદથી, તેમણે અજ્ઞાનરૂપી દુષ્ટ પિશાચનો પરાજય કરી મૃત્યુ ઉપર પણ વિજય મેળવ્યો છે. દિવ્યતા અર્થાત્ આત્માના દિવ્ય સ્વરૂપના તેઓ વારસ હોવાથી, તેમની ઈશ્વરના પુત્રોરૂપે ગણુના થઇ શકે છે. સંપૂર્ણ વિશુદ્ધ સુખ, મૃત્યુ ઉપર સંપૂર્ણ નિબંધ, સર્વશક્તિમાનતા, અનંત જ્ઞાન એ દિવ્ય આત્માનાં સ્વરૂપો છે. અમરત્વ, અનંત જ્ઞાન, અનંત દર્શન અને સર્વ શક્તિમાનતારૂપ અનંત ચતુષ્ટય એ પરમાત્માનાં વિશિષ્ટ સ્વરૂપો છે. પરમાત્માઓ જનતાના આદર્શ ગુરૂઓ અને સત્ય જ્ઞાન, પ્રજ્ઞા આદિના સંસ્થાપકો છે.

જે આત્માઓને પરમાત્મપદ નથી મળ્યું તેઓ પરમાત્મપદની પ્રાપ્તિ થતાં સુધી પુનર્જન્મ કરે છે. આત્માનો સંપૂર્ણ આધ્યાત્મિક વિકાસ થાય એટલે જન્મમરણની અવધિ આવે છે. આત્મા મૃત્યુ અને જન્મથી પર થાય છે.

આત્માનાં મૃત્યુનો ભાવ સર્વથા ભ્રમયુક્ત છે એમ બરાબર સમજીને, જેઓ સંસાર ઉપર સંપૂર્ણ વિજય મેળવવા મથે છે તેમનું જ પુનરુત્થાન થાય છે તેમને જ ઉચ્ચ ગતિ પ્રાપ્ત થાય છે એ નિઃસંશય છે. પુનર્જન્મોનાં નિવારણ માટે આત્માની પરિપૂર્ણ સ્થિતિ અત્યંત આવશ્યક છે. પુનર્જન્મોનાં નિવારણથી પરમાત્માનું અધિરાજ્ય પ્રાપ્ત થાય છે.

સંસારનો વિજય એટલે રાજ્યપ્રાપ્તિ કે કરોડાવધિ જનતા ઉપર વિજય એમ સમજવાનું નથી. ઇંદ્રિયલાલસાઓ, કષાયો આદિ નિકૃષ્ટ વૃત્તિઓનું સંપૂર્ણ નિવારણ કરીને, જે આત્મા અશુદ્ધિઓથી મુક્ત થાય છે તે આત્મા સંસારનો વિજેતા છે એમ કહી શકાય. પોતાના ખરા ખોટા હક્ક માટે જેઓ યુદ્ધ આદિ કરે છે તેમને તેઓ યુદ્ધમાં વિ . ય મેળવે તો પણ, સંસારના વિજેતા (જિન) માની ન શકાય. સંસારનો વિજય મનોવિકારો, ઇચ્છાઓ આદિની મુક્તિમાં જ રહેલો છે. મહાન્ વિગ્રહમાં મેળવેલો ગમે તેવો અપૂર્વ વિજય એ સંસારનો વિજય નથી. મનોવિકારો આદિથી આત્માનો ઊલટો પરાજય થાય છે. આત્મા અનેક બંધનોમાં જકડાયલો રહે છે.

સંસારનાં બંધનોનો સર્વથા વિચ્છેદ કરીને, આત્મા જ્યારે પરમાત્મપદ પ્રાપ્ત કરે છે ત્યારે પોતે જ પોતાનો પરમાત્મા બને છે. આત્માનો રક્ષક અને આત્માનો તારણહાર આત્મા

* વિશુદ્ધ અને પરિપૂર્ણ આત્મા સર્વ પ્રકારની નિદ્રાથી સર્વદા પર હોય છે.

×સંસારમાં જેમને આત્મભાવ જાગૃત નથી થતો તેઓ ભેદ–દ્રષ્ટિને કારણે મૃત્યુની પરંપરાનો અનુભવ કરે છે:—કઠોપનિષદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતે જ છે એવી અનુભવજન્ય પ્રતીતિ આત્માને થાય છે. આત્મા શાશ્વત સુખના મહોદધિમાં નિમગ્ન થાય છે.

આત્મા ભૌતિક સુખો અને પાપમાં નિમગ્ન રહે, ત્યાં સુધી, મૃત્યુ અને જન્મની પરંપરા ચાલ્યા કરે છે. દુષ્ટ મનુષ્યોનાં પાપની પરંપરા અટકતી નથી તેમ તેમનાં જન્મ અને મૃત્યુની પરંપરા પણ નથી અટકતી. દુષ્ટ મનુષ્યોને પરમાત્માનું અધિરાજ્ય પ્રાપ્ત થતું નથી.

ખ્રિસ્તીઓના તારણહાર ઇસુ જેને વૈષ્ણવો પરમાત્માના આઠમા અવતાર કૃષ્ણરૂપ માને છે તેમનો પરમાત્માનાં અધિરાજ્યનાં દ્રષ્ટિબિન્દુથી આપણે હવે વિચાર કરીએ. વૈષ્ણવો કૃષ્ણને મહાન્ અવતારી પુરુષ અને ઇશ્વરરૂપ માને છે. કૃષ્ણના વિરોધીઓ કૃષ્ણને મહાઅધર્મી તરીકે લેખે છે. કૃષ્ણનું દિવ્ય સ્વરૂપ વૈષ્ણવો કે તેમના વિરોધીઓથી યથાર્થ રીતે ન સમજાયાથી, બન્ને પક્ષો વચ્ચે કૃષ્ણના સંબંધમાં નિરંતર કલહ જાગ્યા કરે છે.

કૃષ્ણ નામના એક મહાપુરુષ થઇ ગયા છે એમાં કંઇ શંકા નથી. કૃષ્ણના વિવિધ જીવન-પ્રસંગો વિષે જૈનોના ધર્મ-ગ્રંથોમાં સ્પષ્ટ રીતે નિર્દેશ થયેલો છે. કૃષ્ણ એક ઐતિહાસિક પુરુષ હતા એમ લક્ષાવધિ લોકો માને છે એ સર્વથા સત્ય જ છે.

વિષ્ણુ પુરાણ આદિ અનેક ગ્રંથોમાં, ભગવાન કૃષ્ણનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે ઉપરથી કૃષ્ણનું આધ્યાત્મિક સ્વરૂપ સમજવા યોગ્ય થઇ પડે છે. કૃષ્ણે ગોપીઓનું મધ્ય રાત્રિએ (તેમના પતિથી) હરણ કર્યું, યમુના નદીને તીરે ચાંદનીમાં તેમની સાથે નૃત્ય કર્યું, તેમને આલિંગન કર્યું, તેમની સાથે વિષય-લાલસાજન્ય અનેક પ્રકારના હાવભાવ પણ કર્યાં એવી શ્રી કૃષ્ણ વિષે સામાન્ય માન્યતા પ્રવર્તે છે. એ માન્યતાને કારણે, કૃષ્ણ ચારિત્રભ્રષ્ટ અને લંપટ પુરુષરૂપે સામાન્ય રીતે લેખાય છે.

કૃષ્ણનું સ્વરૂપ વિચારતાં, જનતાની કૃષ્ણવિષયક માન્યતા તદ્દન અસત્ય છે એમ માલૂમ પડી શકે છે. કૃષ્ણ એ ખરો તારણહાર છે. આથી તે આત્મારૂપ ગોપીનાં દિવ્ય ધ્યેયરૂપ છે. કૃષ્ણ ઇષ્ટ ધ્યેયરૂપ હોવાથી આત્માનો સર્વ પ્રેમ કૃષ્ણ તરફ જ વળે છે. આત્મા સંસારથી પર ચિત્તસ્થિતિમાં અર્થાત્ મધ્ય રાત્રિએ, શાન્ત ચિત્તરૂપ યમુનાના તીરે, સંસારની આસક્તિરૂપ પતિ તેમ જ સમાજનો ભય ત્યજીને ભ્રમણ કરે છે (નૃત્ય કરે છે), આત્મા સંસારી વિભવોરૂપ વસ્ત્રોથી પર (દિગંબર:) બનીને, કૃષ્ણરૂપ પરમાત્માની સમીપ ખડો થાય છે. આત્મારૂપ ગોપી, સ્ત્રી જાતિને અનુરૂપ સર્વ પ્રકારની લજ્જાનો પરિત્યાગ કરીને પરમાત્માને વિશુદ્ધ પ્રેમથી વંદન કરે છે ત્યારે આત્મા અને પરમાત્મા વચ્ચેનો દ્વૈતભાવ વિનષ્ટ થાય છે. વિશુદ્ધ પ્રેમનાં ફલની પરિણતિ થાય છે. આત્માને કોઇપણ પ્રકારનો ભય કે આશંકા નથી રહેતાં. પરમાત્માના સાક્ષાત્કાર માટે કેવા અપૂર્વ ઉત્સાહ અને અનેરી ભક્તિની જરૂર છે તે ગોપીઓ અને કૃષ્ણના રૂપક ઉપરથી યથાર્થ રીતે સમજી શકાય છે. જીસસ પોતે પણ આત્માની કન્યા સાથે તુલના કરતો. સોલોમનનું મહાગીત પણ આત્મા અને પરમાત્મા વચ્ચે વિશુદ્ધ સ્નેહરૂપી એકતાનું નિદર્શક છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દયાળુ, શાન્ત સંતુષ્ટ, નીતિમાન, નમ્ર અને ક્ષમાશીલ મનુષ્યોને પરમાત્મા પ્રત્યે અદ્ભુત પ્રેમ જાગે છે. એવા મનુષ્યોની પરમાત્મા સાથે એકતા થઇ શકે છે. સર્વ ઉચ્ચ ગુણવાળા મનુષ્યોને જ પરમાત્માનું અધિરાજ્ય પ્રાપ્ત થાય છે. ઉચ્ચ ગુણોથી સદાચરણની તીવ્ર ભાવના પરિણમે છે. ઉચ્ચ ગુણોથી ચિત્તની ખરી શાન્તિ પ્રાપ્ત થાય છે. ઉચ્ચ ગુણોથી લાલસાઓનું નિવારણ થઈ શકે છે. આત્માનાં ગુપ્ત આનંદ સ્વરૂપનો આવિર્ભાવ થાય છે. સત્ય ત્યાગવૃત્તિનો યથાર્થ રીતે આવિષ્કાર થાય છે. એ ત્યાગ વૃત્તિથી જ મુક્તિ પ્રાપ્ત થઈ શકે છે. ત્યાગવૃત્તિથી જ આત્માનું અધિરાજ્ય જામે છે. ત્યાગવૃત્તિનાં પરિણામે આત્મા પરમાત્મપદનો અધિરાજા અને અધિષ્ઠાતા બને છે.

જનતાને ત્યાગવૃત્તિમાં પ્રાયઃ આનંદ કે આકર્ષણ નથી લાગતાં. ત્યાગવૃત્તિના લાભ શા શા છે તેનું જ્ઞાન પણ બહુ ઓછા મનુષ્યોને હોય છે. ત્યાગવૃત્તિથી જ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ સંભવે છે. કોઈપણ વાસ્તવિક ઉન્નતિ ત્યાગ વિના સર્વથા અસંભાવ્ય છે. ત્યાગવૃત્તિથી જ આત્માની પ્રગતિમાં અંતરાયરૂપ આવરણો દૂર થાય છેઃ ત્યાગવૃત્તિથી જ જે તે ખરાં ઇષ્ટ કાર્યો થઈ શકે છે. દા. ત. બાળ વિદ્યાર્થી રમકડાંનો ત્યાગ કરે છે તો જ તે અભ્યાસ કરી શકે છેઃ આળસ્યનો પરિત્યાગ થાય તો જ દ્રવ્ય–પ્રાપ્તિ થઇ શકે છે,

સુખના ઇચ્છુકે દુઃખના કારણરૂપ સર્વ પ્રવૃત્તિઓનો પરિત્યાગ કરવો જોઈએ. સુખ અને દુઃખના માર્ગો છેક નિરાળા છે એટલું તો સુખના વાંચ્છુકે જાણવું જ જોઈએઃ સુખના વાંચ્છુકથી દુઃખને માર્ગે ન જ જવાયઃ ભૌતિક લાભ માટે જે પ્રકારનો ત્યાગ આવશ્યક છે તે ત્યાગ અને આત્મસાક્ષાત્કાર માટે આવશ્યક ત્યાગમાં ઘણો ફેર છે, એ દરેક સુજ્ઞ મનુષ્યે સારી પેઠે સમજવું જોઇએ. પહેલા પ્રકારના ત્યાગમાં મનુષ્યને ઘણીવાર દુઃખ થાય છે. જે તે વસ્તુઓના ત્યાગથી તેના ચિત્તને કંઇ ને કંઇ અસુખ અવશ્ય થાય છેઃ અમુક વસ્તુઓનો ત્યાગ થાય તો બીજી વસ્તુઓનો બોજો આવી પડે છે એવું પણ બને છે. આત્મસાક્ષાત્કાર નિમિત્તે કરેલા ત્યાગમાં એવું કંઇ નથી બનતું. આત્મસાક્ષાત્કારના ત્યાગમાં મનુષ્યને ઓર પ્રકારનો આનંદ રહ્યા કરે છે. જે તે વસ્તુના પરિત્યાગથી આત્મા ઓછેવત્તે અંશે સ્વતંત્ર થાય છે. ત્યાગથી નિઃસ્પૃહવૃત્તિ વૃદ્ધિંગત થાય છે. ત્યાગથી ઇચ્છાઓ અને વાસનાઓમાં ઘટાડો થાય છે. ત્યાગથી શ્રેષ્ઠ ભાવો પરિણમે છે. નિઃસ્પૃહવૃત્તિથી સર્વશ્રેષ્ઠ સ્વતંત્ર દશાનું ભાન થાય છે એમ પતંજલી કહે છે.

પરમાત્માનું અધિરાજ્ય સુશ્રદ્ધાથી અવશ્ય પ્રાપ્ત થાય છે. પરમાત્માનું અધિરાજ્ય એ સર્વ જીવોનો જન્મસિદ્ધ હક્ક છે. પરમાત્માનાં અધિરાજ્યરૂપ દિવ્ય સ્થિતિ જગતના સર્વ જીવોને માટે મહામૂલ્ય વારસો છે. પરમાત્માના પુત્ર ગણાતા ઇસુને કે કોઇ બીજા મહાન ગણાતા પુરુષને જ પરમાત્માનું અધિરાજ્ય પ્રાપ્ત થાય છે એમ નથી. ખૂદ ઇસુએ તો સર્વ જીવોને ઇશ્વરના પુત્રરૂપ ગણી, જે મનુષ્ય ખરા સન્માર્ગે ચાલે તેને પરમાત્માનું અધિરાજ્ય અવશ્ય પ્રાપ્ત થાય છે એમ સ્પષ્ટ રીતે જણાવ્યું છે. પરમાત્માના અધિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજ્યની પ્રાપ્તિમાં મહાન્ ધર્મોના સંસ્થાપકોરૂપ વિશ્વની વિભૂતિઓએ ન્યાત જાત આદિનો ભેદ ગણ્યો જ નથી. એવા ક્ષુદ્ર અને ઢોંગરૂપ ભેદો મહાપુરુષોને અમાન્ય જ હોય. તાત્પર્ય એ કે, પુણ્યપંથે ચાલનાર કોઇપણ મનુષ્યને માટે પરમાત્માના અધિરાજ્યની પ્રાપ્તિ શક્ય છે. શયતાનના પુત્રો જેવા દુષ્ટ મનુષ્યોને જ પરમાત્માનું અધિરાજ્ય અસંભાવ્ય થાય છે.

સુખ, આધ્યાત્મિકતા અને શક્તિ અહંભાવના નાશથી પરિણમે છે. મનુષ્યમાં અહંતાનો આવિર્ભાવ થાય છે ત્યાં સુધી તેનું અધઃપતન થયા કરે છે. અહંતાનો નાશ થાય અને પરમાત્માનું જ શરણુ સ્વીકારાય ત્યારે આત્મા ઉન્નતિને પથે સંચરે છે. અહંતાનો નાશ થતાં, મનુષ્યમાં અજબ પરિવર્તન થાય છે. તે પરમાત્માઓમાં સ્થાન લેવાને પાત્ર બનતો જાય છે. 'અહંતા હોય ત્યાં જીવનનો નાશ જ હોય, અહંતાનો અભાવ હોય ત્યાં ખરાં જીવનની પ્રાપ્તિ હોય' એ આધ્યાત્મિક સૂત્રનું રહસ્ય સૌ કોઇએ બરોબર સમજવાનું છે.

મનુષ્ય પોતે પાપી છે એવો જ વિચાર કર્યા કરે ત્યાં સુધી તે પાપી રહે છે. મનુષ્ય અહંભાવ અને લાલસાઓને તિલાંજલી આપી, પોતે પરમાત્મા છે એવી શ્રદ્ધા રાખવા માંડે છે એટલે તેનું ગૌરવ સાહજિક રીતે વધવા માંડે છે. પરમાત્મ પદના ભોક્તા થવાની પાત્રતાનો તેનામાં આવિર્ભાવ થાય છે. અહંતા હોય ત્યાં સુધી કોઇ પણ ઉચ્ચ આદર્શની સિદ્ધિ મનુષ્યથી શક્ય જ નથી. આથી અહંતાનો ભોગ એ જીવનમાં સાફલ્ય તેમજ પરમાત્માનાં અધિરાજ્ય માટે અત્યંત આવશ્યક છે.

ખરેખરા મહાપુરુષો અહંતાનો વિચ્છેદ કરવા નિમિત્તે 'હું' વિગેરે શબ્દોનો ભાગ્યે જ પ્રયોગ કરે છે. તેઓ પોતાને માટે અકર્તૃક દૃષ્ટિથી જ બોલે છે આ સામાન્ય સત્ય પણ જનતાથી યથાર્થ રીતે નથી સમજાતું, એ વિચિત્રતાની પરાકાષ્ઠા જ ગણી શકાય. મહાપુરુષોની અકર્તૃક દૃષ્ટિથી બોલવાની રીતિથી તેમના અહંભાવના વિચ્છેદનું નિદર્શન થઇ શકે છે. મહાપુરુષોની આ અહંભાવ રહિત વૃત્તિનો જેમને યથાર્થ પ્રત્યય કે પરિચય નથી થયો તેમને મહાપુરુષોનાં સૂત્રાદિ નિરર્થક જેવાં નીવડે છે. મહાપુરુષોના અહંભાવના વિચ્છેદની પ્રતીતિને અભાવે સુંદરમાં સુંદર બોધવચનો પણ ઘણીયે વાર અર્થરહિત થઇ પડે છે,

પરમાત્મા સર્વ આત્માઓમાં છે, સર્વ આત્માઓ પરમાત્મામાં છે એવો ભગવદ્ ગીતાનો મત છે.આથી જ ગીતામાં કહ્યું છે કેઃ-

"હું સર્વ જીવોની અંદર પણ છું અને બહાર પણ છું, હું સર્વથી દૂર પણ છું અને સમીપ પણ છું. મારી સૂક્ષ્મતાને કારણે, હું દૃષ્ટિ-ગમ્ય નથી. મારા વિભાગો ન થયેલ હોવા છતાં હું પ્રત્યેક જીવમાં સ્થિત રહું છું. હું સર્વ જીવોનો આધાર છું. સર્વનું ભક્ષણ (નાશ) અને ઉત્પત્તિ પણ મારાથી જ થાય છે."

અપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

## (૧) શબ્દરત્નમહોદધિ

શ્રી હેમચંદ્રાચાર્ય જૈન ગ્રંથમાળા તરફથી સંસ્કૃત ગુજરાતી આ કોશનો ૧લો ભાગ શ્રી વિજય નીતિસૂરિ વાંચનાલય તરફથી સમાલોચનાર્થે અમોને ભેટ મળેલ છે.

ઘણા વર્ષોના પ્રયત્નોવડે આ મહાન શબ્દકોશ પૂજયપાદ આચાર્ય મહારાજશ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પંન્યાસજી શ્રી મુક્તિવિજયજી મહારાજે તૈયાર કરેલ તે આજે પ્રગટ થાય છે. સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે તેમજ ગુજરાતી ભાષાનું જ્ઞાન ધરાવનાર ભાઇઓને સંસ્કૃત ભાષાનો પરિચય થવા માટે આ એક ઉપયોગી કોશ બન્યો છે. પચ્ચીસ વર્ષ પહેલાં એક સંસ્કૃત-ગુજરાતી કોશ અત્રે ભાવનગરના એક નાગર ગૃહસ્થે બહાર પાડેલ હતો, પરંતુ હાલમાં તેની એક પણ કોપી ઉપલબ્ધ ન હતી તેવા ઘણી જરૂરીયાતવાળા પ્રસંગે આ કોશ પ્રગટ થવાથી અભ્યાસીઓ માટે એક આવકારદાયક વસ્તુ બહાર પડી છે એમ અમે માનીએ છીએ.

આ કોશમાં પ્રથમ સંસ્કૃત શબ્દ, પછી લિંગ અને જાતિનિર્દેશ, શબ્દનો વિગ્રહ અથવા મૂળ પ્રકૃતિ અને પ્રત્યય, તેમજ તેના શકય ગુજરાતી અર્થ તેમજ કોઇ સ્થળે ઉપયોગી શાસ્ત્રોના પ્રમાણો, ધાતુ અને ક્રિયાપદનો સંગ્રહ, ગણુ, ધાતુનો પ્રકાર તથા નામ-ધાતુ, સૌત્ર ધાતુઓ, કંડવાદિ ધાતુઓ તથા ઘણી ઉપયોગી ધાતુઓ વર્તમાન કાળના રૂપ સાથે બતાવેલા છે વિગેરે અનેકવિધ હકીકત આ કોશમાં આપવામાં આવેલી છે.

શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના હૈમકોષ, અભિધાન-ચિંતામણીના સર્વ શબ્દો, તે સિવાય જૈન દર્શનના પ્રાકૃત શબ્દોને સંસ્કૃતમાં મૂકી અર્થ સાથે આ કોશમાં સંગ્રહિત કર્યા છે. આયુર્વેદ, જ્યોતિષ, વૈદિક અને જૈનાગમને લગતા શબ્દોનો ખાસ સંગ્રહ કરેલ છે.

આ કોશ તૈયાર કરવા માટે સંપાદક મુનિ મહારાજે અનેક સંસ્કૃત કોશ અને ગ્રંથોનો આધાર લીધેલો છે વિગેરે કારણેથી આ એક ભાષાજ્ઞાન અને સાહિત્ય માટે ઉપયોગી વસ્તુ બની છે.

આ કોશમાંનાં સાંકેતિક શબ્દોની સમજ પણ સાથે આપવામાં આવી છે.

આ કોશમાં अ થી थ સુધીનો શબ્દસંગ્રહ આપવામાં આવેલો છે.

એકંદર રીતે આ કોશ ઘણો જ ઉપયોગી લાગે છે અને અભ્યાસીઓને તે ઉપકારક વસ્તુ છે. તેનો બીજો ભાગ જલદીથી પ્રગટ થાય એમ અમે ઇચ્છીએ છીએ.

પ્રકાશક સંસ્થાના સેક્રેટરી શેઠ ભોગીલાલભાઇ સાંકળચંદે સંપાદક પંન્યાસજી મહારાજ તથા પૂજયપાદ આ. શ્રી વિજયનીતિસૂરિજી મહારાજની છબીઓ આપી ગુરુભક્તિ પણ દર્શાવી છે. કિંમત રૂા. ૮-૦-૦ પ્રકાશકને ત્યાંથી મળશે.

## (૨) ચાલો ગામડામાં:-લેખક સોમાભાઈ ભાવસાર. કિ. ૦-૪-૦

## (૩) રજપુતાણી અને બીજી વાતો


લેખક ધૂમકેતુ. કિ. ૦-૨-૦

## (૪) કાળીયાર અને બીજી પ્રાણીકથાઓ

લેખક મનુભાઇ જોધાણી. કિ. ૧-૮-૦ ( તરણુ ગ્રંથમાળા પુરત બારમું )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિનો વિહાર

પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજીએ પોતાના શિષ્ય–પ્રશિષ્ય આદિ મુનિમંડલ સાથે લુધીઆનાથી મહા શુદિ ૧૩ તા. ૨૧–૨–૪૦ બુધવારના દિવસે વિજય મુહૂર્તમાં હુશીયારપુર તરફ વિહાર કર્યો. વિહાર સમયે કેટલાક જૈનો હાજર હતા. આચાર્યશ્રીજીએ માંગલિક સંભળાવ્યું અને તે વખતે લાલા ગોકળચંદ વીરચંદે રૂા. ૫૦૧) સ્કુલને માટે જાહેર કર્યા. ઉપસ્થિત સ્ત્રી–પુરુષોને વિવિધ પ્રકારના પચ્ચક્ખાણ આપી આગળ વધ્યા. આચાર્યશ્રીજીએ ભોથરા ગામમાં પધારી વિશ્રામ લીધો. રાતના સમયે ઘણા ભાઈઓએ પ્રભુપૂજા, દેવદર્શન, જુગાર ન ખેલવો આદિ નિયમો લીધા હતા. અત્રેથી તા. ૨૩ મીના વિહાર કરી ફલ્લોર પધાર્યા. નગરપ્રવેશ ધામધુમથી થયો. લુધીઆનામાં આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં હિસારજીલ્લામાં ભયંકર દુષ્કાળ પડયો છે, માણસો અને પશુઓ અન્ન–ઘાસ વિના તરફડી તરફડી મરતાં જાય છે તેઓની સહાયતા માટે સારૂં ફંડ એકત્રિત થયું હતું.

ફલ્લોરથી તા. ૨૪ મીના વિહાર કરી ગુરાયાં

---

**(૫) શરદ્બાબુની બાળવાતો** (શરદબાબુનો જીવન–ઝરમર સાથે) કિં ૧–૮–૦

અનુવાદકઃ–રમણલાલ વી. સોની. પ્રકાશક ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો–અમદાવાદ ઉપરના બે થી પાંચ નંબરના ચાર ગ્રંથો લઘુ છતાં બાળોપયોગી છે. બાળસાહિત્ય હાલમાં કેટલુંક પ્રગટ થવા લાગ્યું છે, જેની પણ સમયાનુસાર જરૂરીયાત હતી. શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના સંચાલક ભાઇ શંભુલાલ જગશી જેમ સારા સારા ગુજરાતી ભાષાના નોવેલો પ્રગટ કરી રહ્યા છે તેમ આ બાળોપયોગી સાહિત્ય પણ તેવું જ સરલ અને સુંદર બાળકો માટે પ્રગટ કરે છે. ઉપરોક્ત ચારે ગ્રંથો લઘુ છતાં બાળકો માટે વાંચવા લાયક છે. મળવાનું ઠેકાણું પ્રકાશકને ત્યાં.

**(૬) આસ્તિકતાનો આદર્શ યાને નાસ્તિક મતવાદનું નિરસન, ભા. ૨ જો.**

લેખક મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ

આસ્તિકતા કોને કહેવી તે સંબંધમાં લેખો આપેલા છે, જે કેટલાક વાંચતા આસ્તિકતાનો ખ્યાલ આવી શકે છે. આ તેનો બીજો ભાગ છે. પહેલા ભાગમાં શું છે તે જોયા સિવાય વિશેષ કાંઇ પણ લખી શકાય નહિ.

વીરશાસનની ભેટ તરીકે આ પુસ્તક પ્રગટ થયેલ છે.

પ્રકાશક : **શ્રી વીરશાસન કાર્યાલય.**
રતનપોળ–અમદાવાદ

**(૭) સમી સાંજનો ઉપદેશ.** (શ્રીદશવૈકાલિક સૂત્ર)
શ્રી પૂંજાભાઇ જૈન ગ્રંથમાળાનું પુ. ૪૮ મું છે.

સંપાદક ગોપાલદાસ જીવાભાઇ પટેલ છે. તેઓશ્રીએ આ સંસ્થા તરફથી કેટલાક આગમ અને ગ્રંથોના સારરૂપે ઘણા ગ્રંથો પ્રગટ કરેલ છે તે જ રીતે આ ગ્રંથ શ્રીદશવૈકાલિક સૂત્રના છાયાનુવાદ તરીકે પ્રગટ કરેલ છે, જે મનન કરવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગામમાં વિશ્રામ કરી તા. ૨૫ ના દિવસે ફગવાડામાં ધામધૂમથી પ્રવેશ કર્યો. અત્રે લાલા દેવીચંદજી બાબુરામજીનું એક ઘર હોવા છતાં બહારથી પધારેલા મહેમાનો–સાધર્મિક ભાઇઓનું તથા આચાર્યદેવનું ઘણું જ સુંદર સ્વાગત કર્યું હતું.

અત્રેથી વિહાર કરી મહા વદિ ૮ તા. ૧-૩-૪૦ શુક્રવારે હુશીયારપુરમાં ઘણા જ સમારોહથી પ્રવેશ કર્યો હતો. હુશીયારપુર શ્રીસંઘે પોતાન નગરને ઘણા વર્ષે આચાર્યશ્રી પાવન કરતા હોવાથી નગરપ્રવેશની તૈયારી કરી. મહા વદ ૮ તા. ૧-૩ ૪૦ શુક્રવારનો દિવસ હુશીયારપુર( પંજાબ )ની જનતા માટે અપૂર્વ હતો.

આમ પંજાબકેશરી શાસનપ્રભાવક સુવિહિત જૈનાચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસુરીશ્વરજી મહારાજ પોતાના શિષ્યમંડલ સાથે ફગવાડાથી વિહાર કરી રાહાણા, તનોલી, હીરપુર આદિ ગામોમાં વિચરતા હુશીયારપુર આવતાં તેમનું યોગ્ય સ્વાગત કરવામાં આવ્યું. સામૈયા સાથે નગરપ્રવેશ કર્યો. સામૈયામાં ગુરુદેવની તસવીર વિગેરે પુષ્કળ સામગ્રી હતી. ૨૪ ગેટો ( દરવાજા) સુશોભિત થઇ રહ્યા હતા.

સામૈયુ શહેરમાં ફરીને સનાતન ધર્મસ્કુલના વિશાલ સ્થાનમાં પહોંચી સમાપ્ત થયું અને એ જ સ્થલે જાહેર વિરાટ સભા પંડિત શિવદત્ત શાસ્ત્રીજીની અધ્યક્ષતામાં ભરાણી.

પ્રથમ શ્રી તિલકવિજયજીએ આચાર્યજીના વિષયમાં ભાષણ આપ્યું હતુ તથા અન્ય પ્રવચનો પછી અભિનંદન પત્રો આપવાના વિધિવિધાન આ પ્રમાણે થયા હતા. પ્રથમ હુશીયારપુર વિદ્વાન મંડળીના તરફથી સંસ્કૃત અભિનંદન પત્રો અને કવિઓએ કવિતા દ્વારા, શ્રી જૈન સંઘના તરફથી હિન્દીમાં લાલા અમરનાથજી અને નગરવાસીઓ તરફથી ઉર્દુમાં પંડિત દુર્ગાદાસે અભિનંદન પત્રો સભ ને વાંચી સંભળાવ્યા ને આચાર્યશ્રીજીના કરકમલોમાં સાદર અર્પણ કર્યાં.

સમય વધુ થઇ જવાથી આચાર્યશ્રીજીએ સંક્ષિપ્તમાં પણ મનનીય મનોહર દિવ્ય દેશના આપતા જણાવ્યું કે આપે મને માનપત્રોના ભારથી એવો તો દબાવી દીધો છે તે તો હું પોતે જાણું કે જ્ઞાની મહારાજ જાણે. પરંતુ આપે તો સજ્જનતા, ઐકયતા, કૃતજ્ઞતાનો પરિચય આપી પોતાના મનોરથો સફળ કર્યા છે. કવિઓને તો અત્યુક્તિ દોષ લાગતો નથી કેમ કે મેરુનું સરસવ અને સરસવનો મેરુ બનાવવો એ કવિઓનું કામ છે. જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ આદિ વિવેચન કરી આગળ ચાલતા જણાવ્યું કે હિન્દુસ્થાનીઓ ખુશામતખોરીઓ થઇ ગયા છે. વાણીઅ વિદ્યા કરીને પોતાનું કામ કાઢવામાં કુશળ થઇ ગયા છે. આપે અભિનંદન પત્રોદ્વારા અને કવિઓએ કવિતાદ્વારા મારા માટે જે ઉચ્ચ ઉદ્દગારો કાઢ્યા છે તેની કીમત તો ત્યારે જ અંકાય કે તે ઉચ્ચ ઉદ્દગારોને લાયક પોતે બને, અમલમાં મૂકે. ધર્મ ધર્મ સૌ કોઇ કહે છે પણ ધર્મના તત્ત્વને સમજનારા ને આચરણમાં મૂકનારા કેટલા હોય છે વિગેરે વિગેરે હૃદયસ્પર્શી વિવેચન કરી સભાને મુગ્ધ કરી દીધી હતી.

પ્રમુખ સ્થાનેથી પંડિત શિવદત્તજીએ સુંદર વિવેચન કરી આચાર્યશ્રીજીનો આભાર માન્યો હતો.

આચાર્યશ્રીજી વાજતેગાજતે શ્રી સંઘની સાથે ઉપાશ્રયે પધાર્યા અને નવીન વિશાલ ઉપાશ્રયને જોઇ પ્રસન્ન થયા હતા. આચાર્યશ્રીજી દરરોજ વિવિધ વિષયો પર વ્યાખ્યાન આપે છે. મહોત્સવની તૈયારી ચાલુ છે. નૂતન મુનિરાજોની વડીદીક્ષા અત્રે જ થનાર છે.

પત્રવ્યવહાર નીચેના શીરનામે કરવો.

**મારફતલાલ પૂરણચંદ ટેકચંદ જૈન**
**હુશીયારપુર ( પંજાબ )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વડી દીક્ષા

ફા. શુ. ૧ તા. ૧૦–૩–૪૦, રવિવારે રાજયોગની શરૂઆત થયે આચાર્યદેવની અધ્યક્ષતામાં પંન્યાસજી શ્રી સમુદ્રવિજયજી મહારાજે મુનિશ્રી વિશ્વવિજયજી અને વૃદ્ધિવિજયજીને ધામધુમપૂર્વક વડી દીક્ષા આપી. દીક્ષા સમયે સાધુમંડલ, સાધ્વીજી શ્રી દેવશ્રીજી આદિ સાધ્વીમંડલ હાજર હતું અને સદ્‌ગૃહસ્થોથી સભાસ્થાન ચિકાર ભરાઇ ગયું હતું. બહારગામથી અમદાવાદ (શાહપુર)વાલા શેઠ મોહનલાલ મગનલાલ આદિ સંભાવિત સદ્‌ગૃહસ્થોની હાજરી તરી આવતી હતી.

દીક્ષાનંતર મુનિશ્રી વિશ્વવિજયજીએ અસરકારક ભાષણ આપ્યું હતું. વિધિવિધાન પત્યા પછી શ્રી આચાર્ય ભગવાન શ્રી ચતુર્વિધ સંઘ સાથે વાજતેગાજતે દર્શન કરી ઉપાશ્રયે પધાર્યા.

બપોરે શાંતિસ્નાત્ર વિધિ સહિત સાનંદ ભણાવવામાં આવ્યું. આચાર્યશ્રીજીએ વચ્ચે વચ્ચે શાંતિસ્નાત્રનો અર્થ સમજાવી લોકોના હૃદયને પ્રફુલ્લિત કર્યું હતું. દેવદ્રવ્ય આદિની ઉપજ પણ સારા પ્રમાણમાં થઇ.

## કાંગડાનો સંઘ

હુશીયારપુર(પંજાબ) થી આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી મહારાજની અધ્યક્ષતામાં લાલા નાનકચંદ નાહરગોત્રીએ ફા. શુ. ૨ તા. ૧૧–૩–૪૦ સોમવારે પ્રાચીન તીર્થ શ્રી કાંગડાનો સંઘ કઢયો છે. હુશીયારપુરથી કાંગડા ૬૦ મીલ થાય છે. સંઘમાં યાત્રાલુઓ સારી સંખ્યામાં સંમિલિત થયા છે.

મુંબઇ, અમદાવાદ, ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ વિગેરેથી આવનાર યાત્રુઓ દીલ્લી થઇ સીધી મેન લાઇનમાં જલંદરથી હોશીઆરપુર આવી ત્યાંથી મોટર લારીદ્વારા ઠેઠ કાંગડા પહોંચી શકે છે

જેને રેલમાં જવા ઇચ્છા હોય તે સીધી મેન લાઇનમાં અમૃતસર થઇ, પઠાણકોટ થઇ, કાંગડા સ્ટેશને ઉતરી બે મીલ લગભગ **કાંગડાભવન** જે ધરતીકંપમાં ઉજ્જડ થઇને નવું વસેલ છે ત્યાં પહોંચી ધર્મશાળામાં ઉતારો લઇ, ત્યાંથી દોઢેક માઇલ કાંગડાનો જુનો કિલ્લો છે ને જેમાં પ્રાચીન શ્રી ઋષભદેવની પુરુષપ્રમાણ લગભગ ધાતુની પ્રતિમા છે ત્યાં જઇ યાત્રા, સેવા–પૂજાનો લાભ લઇ શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ભાષાંતરના ગ્રંથો.

## ( મળી શકતા ગ્રંથોનું લીસ્ટ )

| | |
|---|---|
| શ્રી નવતત્ત્વનો સુંદર બોધ | ૦॥= |
| શ્રી જીવવિચાર વૃત્તિ | ૦।= |
| શ્રી દંડક વૃત્તિ | ૦॥ |
| શ્રી નય માર્ગદર્શક | ૦॥= |
| શ્રી હંસવિનોદ | ૦॥। |
| કુમાર વિહારશતક | ૧॥ |
| શ્રી જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦॥ |
| શ્રી આત્મવલ્લભ જૈન સ્તવનાવલી | ૦।= |
| શ્રી મોક્ષપદ સોપાન | ૦॥। |
| ધર્મબિન્દુ આવૃત્તિ બીજી | ૨) |
| શ્રી પ્રશ્નોત્તરપુષ્પમાળા | ૦॥।= |
| શ્રી શ્રાવકકલ્પતરૂ | ૦।= |
| શ્રી આત્મપ્રબોધ | ૨॥ |
| જૈન ગ્રંથ ગાઇડ | ૧) |
| શ્રી નવાણું પ્રકારી પૂજા ( અર્થ સહિત ) | ૦॥ |
| શ્રી સમ્યક્ત્વસ્વરૂપ સ્તવ | ૦। |
| શ્રી ચંપકમાળા ચરિત્ર | ૦॥ |
| શ્રી સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર | ૧) |
| શ્રી પ્રકરણ પુષ્પમાળા ( દ્વિતીય પુષ્પ ) | ૦॥ |
| શ્રી અધ્યાત્મમત પરીક્ષા | ૦। |
| શ્રી ગુરૂગુણમાળા | ૦॥ |
| શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦।- |
| શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ | ૦॥ |
| શ્રી ઉપદેશસપ્તતિકા | ૧) |
| શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | ૧॥ |
| સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | ૧) |
| શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર | ૨) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો | ૨) |
| આદર્શ જૈન સ્ત્રીરત્નો | ૧) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૨॥ |
| શ્રી દાનપ્રદીપ | ૩) |
| શ્રી નવપદજી પૂજા ( અર્થ સહિત ) | ૧। |
| કાવ્યસુધાકર | ૨॥ |
| શ્રી આચારોપદેશ | ૦॥ |
| ધર્મરત્ન પ્રકરણ | ૧) |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર (અર્થસહિત શાસ્ત્રી) | ૧॥। |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર અર્થ સહિત (ગુ.) | ૧। |
| શ્રી આત્મવિશુદ્ધિ | ૦।= |
| કુમારપાળપ્રતિબોધ | ૩॥। |
| જૈન નરરત્ન " ભામાશાહ " | ૨) |
| આત્માનંદ સભાની લાયબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ | ૦॥।= |
| શ્રી વિમલનાથ ચરિત્ર | ૧॥। |
| શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | ૧॥। |
| શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર | ૧) |
| ધર્મપરીક્ષા | ૧) |
| શ્રી પ્રભાવક ચરિત્ર | ૨॥ |
| જૈનધર્મ | ૧) |
| શ્રી દેવસીરાઇ પ્રતિક્રમણ અર્થ સહિત | ૦॥= |
| શ્રી સામાયિક સૂત્રાર્થ | ૦)=॥ |
| શ્રીપાળરાજાનો રાસ, સચિત્ર (અર્થ યુક્ત) | ૨) |
| ,, ,, ,, રેશમી પુઠું | ૨॥ |
| સતી સુરસુંદરી ચરિત્ર | ૧॥ |
| સંવેગદ્રુમ કંદલી | ૦। |
| શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | ૦)= |
| ,, સોળમો ઉદ્ધાર | ૦। |
| શ્રી વીશસ્થાનક પૂજા અર્થ સહિત | ૦॥। |
| શ્રી તીર્થંકર ચરિત્ર | ૦॥= |
| કલિંગનું યુદ્ધ યાને મહારાજા ખારવેલ | |
| શ્રી મહાવીર જીવનચરિત્ર | ૩) |

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 431.


તૈયાર છે    જલદી મંગાવો    તૈયાર છે

છપાઈ ગયેલા નવા બે ગ્રંથો

## બૃહત્કલ્પસૂત્ર

ભા. ૪થો ને ભા. ૫ મો મૂળ તથા સંસ્કૃત ટીકા સાથે

**કીંમત અનુક્રમે રૂ. ૬ા અને ૫**

---

## શ્રી મહાવીર જીવનચરિત્ર.

### ( શ્રી ગુણચંદ્ર ગણિકૃત )

બાર હજાર શ્લોક પ્રમાણ મૂળ પ્રાકૃત ભાષામાં વિસ્તારપૂર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રાયુક્ત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો જૈન સમાજ અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે, તેથી આ પ્રભુના જીવનચરિત્રનું મનનપૂર્વક વાચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ. વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે, કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

### નવીન ત્રણ ઉત્તમ ગ્રંથો નીચે મુજબના છપાય છે.

૧ કથારત્ન કોષ—શ્રી દેવભદ્રસૂરિકૃત

૨ ઉપદેશમાળા–શ્રી સિદ્ધર્ષિકૃત મોટી ટીકા

૩ શ્રી નિશિથ ચૂર્ણિસૂત્ર ભાષ્ય સહિત.

---

### છપાતાં મૂળ ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. ) ( મૂળ )    २ श्री मलयगिरि व्याकरण.

३ श्री वसुदेवहिंडि त्रीजो भाग.    ४ पांचमो छट्ठो कर्मग्रन्थ.

५ श्री बृहत्कल्पसूत्र भाग ६

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only